॥ श्रीवल्लभः ॥

वैष्णवसंक्षिप्ताह्निकम् ।

અર્થાત્

વૈષ્ણવોનું સંક્ષેપમાં નિત્યકર્તવ્ય

પ્રકાશકઃ
શ્રીજીવનેશાચાર્યપુષ્ટિસિદ્ધાન્તકાર્યાલય.

ન્યોછાવર ૦-૪-૦

॥ श्रीवल्लभः ॥

वैष्णवसंक्षिप्ताह्निकम् ।

અર્થાત

વૈષ્ણવોનું સંક્ષેપમાં નિત્યકર્તવ્ય

પ્રકાશકઃ
શ્રીજીવનેશાચાર્યપુષ્ટિસિદ્ધાન્તકાર્યાલય.

ન્યોછાવર ૦-૪-૦

ધી "ન્યુસ પ્રિન્ટીંગ પ્રેસ"માં
મણિલાલ ઈચ્છારામ દેશાઇએ છાપ્યું છે.
કાળાઘોડા, એક-હાઉસ લેન, કોટ, મુંબઇ.

શ્રીકૃષ્ણઃ ।

પ્રસ્તાવના ।

આજકાલ ઘણા વૈષ્ણવો બ્રહ્મસમ્બન્ધ લીધા પછી અમારે શું કરવું જોઇએ ? તે વાતના જીજ્ઞાસુ દૃષ્ટિગોચર થાય છે. તે જીજ્ઞાસાની પૂર્તિ, કદાચિત્ કોઇ ઠેકાણે **બ્રહ્મસમ્બન્ધ કરાવનાર ગુરુશ્રી કૃપા કરે, અથવા સાંપ્રદાયિક શાસ્ત્રી આદિ હોય અને ઉપર મુજબના પૃચ્છકને** તેનો મિલાપ ભાગ્યયોગે થઇ જાય તો તેને પૂછી પોતાનું કર્તવ્યાદિક સમજી તદનુસાર આચરણ કરીને, કરી શકે છે. પરંતુ ઉપર મુજબના સંયોગો બહુધા દુષ્પ્રાપ જેવા છે. તેવી પરિસ્થિતિમાં વૈષ્ણવોને બ્રહ્મસમ્બન્ધ લીધા પછી પ્રાતઃકાલથી પ્રારંભીને શયન કર્યા સુધીમાં ઓછામાં ઓછું કેટલું કરવું આવશ્યક છે તેને સમજાવનારૂં "વૈષ્ણવ સંક્ષિપ્તાહ્નિક" નામક આ પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે. આ પુસ્તક નિત્યલીલાસ્થ ગોસ્વામિકુલકૌસ્તુભ શ્રી ૧૦૮ શ્રી જીવનેશાચાર્ય મહારાજશ્રીએ પુષ્ટિજીવો ઉપર દયા વિચારી તૈયાર કરેલું છે. જેનું દ્વિતીયવાર મુદ્રણ તદીયસૂનુગોસ્વામીશ્રી ૧૦૮ શ્રીરણછોડલાલજીમહારાજશ્રીની આજ્ઞાથી 'શ્રીજીવનેશાચાર્યપુષ્ટિસિદ્ધાન્તકાર્યાલય' તરફથી કરવામાં આવે છે.

વૈષ્ણવોએ પોતાનું વૈષ્ણવ તરીકેનું કર્તવ્ય કરવુંજ જોઇએ એ વાત સમજાવવાની વૈષ્ણવોને આવશ્યકતા હોય એવું અમે માનતા નથી. કારણ કે પોતાના કર્તવ્યનું પાલન કર્યા સિવાય તો તે વૈષ્ણવ કહેવરાવવાને પણ શી રીતે લાયક કહેવાય. પરંતુ શું ? અને કેવી રીતે કરવું જોઇએ ? એટલું જ સમજાવવું આવશ્યક છે. અને તે આ ગ્રન્થ દ્વારા બરોબર દરેકને સમજાશે. માટે એટલી જ આશા રાખીને કે, દરેક બ્રહ્મસમ્બન્ધ લેનાર આ ગ્રન્થને એક વાર અવશ્ય વાંચી, પોતાના કર્તવ્યને સમજી તેનુ પાલન કરી, આદર્શ વૈષ્ણવ બનવા ઉત્કણ્ઠિત થશે, અમારૂં વક્તવ્ય સમાપ્ત કરીશું.

આશ્વિન શુક્લ
તૃતીયા
સંવત્ ૧૯૮૪

હરિકૃષ્ણ વીરજી શાસ્ત્રી

અનુક્રમણિકા.

॥ श्रीहरिः ॥

श्रीमद्गोवर्द्धनधरो विजयतेतराम्.

श्रीमन्मथमोहनो विजयते.

वैष्णवाह्निक.

अर्थात्

वैष्णवोनुं संक्षेपमां नित्यकर्तव्य.

——:०:——

मंगलाचरणश्लोक–

वेदादिप्रतिपादितं निजकृते स्वेनैव सम्बोधितम्
धर्मं त्रातुमिहावताररसिको योऽनन्यभक्तप्रियः।
कामद्वेषभयादिभिः स्वविषयैरप्युद्धरन् यः सदा
स श्रीमन्मथमोहनो विजयतां सर्वार्थसंसिद्धिदः ॥ १ ॥

અર્થ–વેદ સ્મૃતિ ઇતિહાસ વગેરેમાં પ્રતિપાદન કરાયેલા તથા જે ધર્મનું સ્વરૂપ ભગવાને સ્વમુખારવિન્દથી પણ નિજજનોને શ્રીમદ્ભગવદ્-ગીતાદિમાં સમ્યક્ પ્રકારે ઉપદેશેલું છે. તે ધર્મોની રક્ષાકરણાર્થ જેઓ આ ભૂતલપર અવતાર લેવા અતીવ રસિક છે, અન્યાશ્રયરહિત ભક્ત જેમને પ્રિય છે, કામ, દ્વેષ, ભય વગેરે પણ સ્વવિષયક કરનાર જીવોનોઉદ્ધાર કર-નાર સકલાર્થ સંસિદ્ધિદાતા શ્રીમન્મથમોહન પ્રભુ સદા વિજય પામો.

મનુષ્યમાત્રને ઉચિત છે કે ધર્મ અને આયુષ્યની વૃદ્ધિ તથા રક્ષણ માટે સદા બ્રાહ્મ મુહૂર્તમાં જ જાગવું. રાત્રિના ચોથા પ્રહરનું ત્રીજું મુહૂર્ત એટલે પાછલી ચાર ઘડી રાત્રિ રહે તે બ્રાહ્મ મુહૂર્ત કહે-વાય છે. જાગવાને માટે એ જ સમય ઉત્તમ કહેલો છે. એટલું વેહેલું ન ઉઠાય તો બે ઘડી રાત્રિ રહે ત્યારે તો અવશ્ય જાગવું જ, કારણ કે તે પછી તો સૂર્યોદય ગણાય છે. સૂર્યોદય થયા પછી જાગવાનું ધર્મશા-

આમાં પ્રાયશ્ચિત્ત લખેલું છે માટે સૂર્યોદયની પહેલાં જ જાગવું અને જાગતાં જ પ્રથમ ભગવદ્ધર્મરૂપ પોતાના કંઠમાં રહેલી તુલસીની માલાનો દર્શન પૂર્વક સ્પર્શ કરી તથા શ્રીજી વગેરે સ્વરૂપની છબીનાં દર્શન કરી શ્રીહરિનું તથા ગુરુનું સ્મરણપૂર્વક ધ્યાન કરવું. તેનો ક્રમ નીચે પ્રમાણે:-

(૧) શ્રીગોવર્દ્ધનનાથજી, (૨) શ્રીનવનીતપ્રિયજી, (૩) શ્રીમથુરેશજી, (૪) શ્રીવિઠ્ઠલનાથજી, (૫) શ્રીદ્વારકાનાથજી, (૬) શ્રીગોકુલનાથજી, (૭) શ્રીગોકુલચંદ્રમાજી, (૮) શ્રીમદનમોહનજી, (૯) શ્રીનટવરલાલજી, (૧૦) શ્રીબાલકૃષ્ણજી, (૧૧) શ્રીયમુનાજી, (૧૨) શ્રીગિરિરાજ, (૧૩) તથા ગુરુદેવનાં સેવ્યરૂપ, (૧૪) તથા પોતાનાં સેવ્યરૂપ. (૧૫) શ્રીમદ્વલ્લભાચાર્યજી, (શ્રી મહાપ્રભુજી), (૧૬) ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી, (શ્રીગુસાંઇજી) તથા તેમના સાત પુત્રો (૧) શ્રીગિરિધરજી. (૨) શ્રીગોવિંદરાયજી, (૩) શ્રીબાલકૃષ્ણજી, (૪) શ્રીગોકુલનાથજી, (૫) શ્રીરઘુનાથજી, (૬) શ્રીયદુનાથજી, (૭) શ્રીઘનશ્યામજી પોતાના નિવેદનમંત્રોપદેષ્ટા ગુરુ તથા મહાપ્રભુજીનો સકલ પરિવાર આ સર્વેનું સ્મરણ કરવું.

તેમ જ ગોસ્વામી શ્રીહરિરાયજી વિગેરે બાલકોના કરેલા બીજા પણ પ્રાતઃસ્મરણ વગેરેના શ્લોકો તથા પ્રાતઃસ્મરણીય અષ્ટ છાપનાં કીર્તનો તેમ જ પ્રાચીન ધોળો તથા શ્રીયમુનાજીનાં કીર્તનો વગેરે જેટલાં બની શકે તેટલાં ઉચ્ચારણ કરવાં. તે ન બની શકે તો પણ ઉપર પ્રમાણે નામોચ્ચાર તો અવશ્ય કરવો. તે પછી જેટલું બની શકે તેટલું અષ્ટાક્ષર મંત્રનું ઉચ્ચારણ કરવું. ત્યાર બાદ પોતાનાં માતા પિતા જો વિદ્યમાન હોય તો તેમનું વંદન કરવું. અનંતર શૌચ (મલ ત્યાગ) માટે જવું.

મલમૂત્રત્યાગવિધિ-

મલત્યાગ કરવા જતી વખતે સાથે જલપાત્ર મ્હોટું લઈ જવું, જંગલમાં જવું હોય તો ગામથી દૂર નૈઋત્ય દક્ષિણ અને પશ્ચિમ દિશાના મધ્ય ભાગમાં જવું. અને જો ઘેર જવું હોય તો દિશાનો વિચાર રાખી શકાતો નથી. અનુકૂલતા હોય તો દિવસે ઉત્તરમુખે તથા રાત્રિયે દક્ષિણમુખે બેસવું. અને બેસતાં પેહેલાં મુખ નાસિકા તથા મસ્તક વસ્ત્રથી વીંટી લેવાં. મલમૂત્રત્યાગ કરતી વેળા બોલવું નહીં. અને થુંકવું પણ નહીં.

દેવાલયને લગતા સ્થલમાં, જલાશયની સમીપમાં, ગોશાળામાં, ખેડેલા ખેતરમાં, લીલા ઘાસ ઉપર તથા રાજમાર્ગ વિગેરે સાર્વજનિક ઉપયોગી સ્થાનોમાં કદી પણ મલમૂત્રત્યાગ કરવા બેસવું નહીં.

શૌચવિધિ હાથ પગ ધોવાનો વિધિ

મલમૂત્રત્યાગ કર્યા પછી હાથ વગેરે ધોવાનો વિધિ તથા તેનું પ્રમાણ. વિષ્ણુસ્મૃતિ. અધ્યાય ૬૦

एका लिङ्गे गुदे तिस्रस्तथैकत्र करे दश ।

उभयोः सप्त दातव्या मृदस्तिस्रस्तु पादयोः ॥ १ ॥

અર્થ—મૂત્રેન્દ્રિયને એકવાર, ગુદાને ત્રણવાર, ડાબા હાથને દશવાર, બન્ને હાથ ભેગા કરી સાતવાર અને બન્ને પગને ત્રણ ત્રણ વાર મૃત્તિકા (માટી) લગાડવી.

જે જે અંગોમાં જેટલી જેટલી વખત મૃત્તિકા લગાડવામાં આવે તેટલી તેટલી વખત જલથી તે તે અંગો ધોવાં. અને પગ ધોયા પછી ફરી બન્ને હાથ ભેગા કરી ત્રણવાર મૃત્તિકા લગાવી જલથી ધોઈ નાંખવા. મૃત્તિકા લેવાનું પ્રત્યેક વખતનું પ્રમાણ લીલા આમળા જેટલું સમજવું. શુદ્ધિનું તાત્પર્ય ગંધલેપની નિવૃત્તિ માટે છે. અર્થાત્ કોઇ પણ પ્રકારની વાસ તથા લેપને મટાડવા માટે છે.

દિશાએ જવાનું પાત્ર હંમેશ જુદું જ[1] રાખવું. એટલે દિશાએ જવાના કામ શિવાય બીજા કાર્યમાં તે પાત્રનો ઉપયોગ ન કરવો. એ ઉત્તમ છે. પણ જો તેમ ન બની શકે તો તે પાત્રને સારી પેઠે ત્રણ વાર મૃત્તિકાથી અથવા ગાયના છાણથી શુદ્ધ કરી તેટલી જ વાર જલથી ધોઇ બીજા ઉપયોગમાં લેવું આ મધ્યમ પક્ષ છે. માત્ર જંગલમાં સાફ

૧—ઘણું કરીને ત્રાંબાનું લેવું. તેનું કારણ એ છે કે પીત્તલનું વાસણ શૌચ (ખરચુ) માટે લઈ જઇએ તો તેની શુદ્ધિ થતી નથી છતાં કેટલાએક પીત્તલનું વાસણ લઈ જાય છે. અને મૃત્તિકાથી માંઝીને ખાવા પીવાના ઉપયોગમાં લેય છે તે અશ્રાચાર છે. અને ત્રાંબાનું પાત્ર લઈ ગયા હોઇએ તે માંઝીને અગ્નિમાં તપાવી લુણ ખટાઇથી માંઝીએ એટલે શુદ્ધ થાય છે. એમ ધર્મશાસ્ત્રમાં લખેલું છે. માટે અશુદ્ધિનો પ્રચાર ન થવા માટે શૌચાર્થ ત્રાંબાનું પાત્ર લઈ જવું આ ઉત્તમ પક્ષ છે, અથવા તુંબડું લઈ જવું એ અતિ ઉત્તમ છે.

જગા હોય ત્યાં જનારને માટે જ આ પ્રકાર છે. સંડાસ વિગેરેમાં જનારને માટે નથી.

મૂત્રત્યાગ કર્યા પછી શુદ્ધિ કરવા વિષે દક્ષસ્મૃતિમાં લખ્યું છે કેઃ—

एका लिङ्गे तु सव्ये त्रिरुभयोर्मृद्द्वयं स्मृतम् ।

અર્થ—મૂત્રેન્દ્રિયને એકવાર, ડાબા હાથને ત્રણવાર અને બન્ને હાથને ભેગા કરી બેવાર મૃત્તિકા લગાડવી અને તેટલીજ વાર તે તે અંગો જલથી ધોવાં.

હાલના સમયમાં ઘણુંકરીને ઘણા લોકો મૂત્રત્યાગ કર્યા પછી તદ્દન શુદ્ધિ કરતા જ નથી; શાસ્ત્રીય વિચાર કરતાં એ મ્હોટો અનાચાર છે તેથી જો ઉપર કહેલી રીતે શુદ્ધિ ન બની શકે તોપણ છેવટ જલથી મૂત્રેંદ્રિય, હાથ, પગ અવશ્ય ધોઇ ચાર કોગળા કરવા.

ગંડુષ અર્થાત્ કોગળા કરવાનો વિધિ.

કયે કયે વખતે કેટલા કેટલા કોગળા કરવા તે વિષે શાસ્ત્રકારોયે નીચે પ્રમાણે કહ્યું છે. નાગદેવીય આહ્નિકપ્રદીપમાં—

मूत्रे पुरीषे भुक्तान्ते रेतःप्रस्रवणे तथा ।

चतुरष्टद्विषड्द्व्यष्टगण्डूषैः शुद्धिमाप्नुयात् ॥ १ ॥

અર્થ—મૂત્રત્યાગ કર્યા પછી ચાર, દિશાએ ગયા પછી આઠ, ભોજન કર્યા પછી બાર—અને વિષયના અંતમાં સોળ કોગળા કરવાથી શુદ્ધિ થાય છે.

દિશાએ ગયા પછી બાર અને ભોજન કર્યા પછી સોળ કોગળા કરવાનું પણ કેટલેક ઠેકાણે શાસ્ત્રકારોયે જણાવેલું છે.

દંતધાવન એટલે દાતણ કરવાનો વિધિ.

ઉપર લખ્યા પ્રમાણે શુદ્ધિ કર્યા પછી દાતણ કરવું—એ દાતણ ખેર, કદંબ, કરંજ, વડ, આંબલી, આંબો, લીંબડો, અંઘેડો, બીલી, આંકડો, ઉંબરો અને બોરડી ટુંકામાં બાવળ શિવાય બધાં કાંટાવાળાં અને જેમાં છીર નિકળતું હોય એવાં વૃક્ષોનું દાતણ ઉત્તમ ગણાય છે. અને ખાખરો, ગુંદી, પીલુ, ખીજડો, સીસમ, બાવળ, ગોરડિઓ, કંચનાર, પીપળો,

બેહેડા, સરગવો અને અરીઠા ઇત્યાદિ વૃક્ષોના કાષ્ઠનું દાતણ નિષિદ્ધ નહિ લેવા લાયક જણાવેલું છે.

અતિશય સૂકું, અતિશય લીલું અર્થાત્ તરતનું તોડેલું, છાલ વગરનું કે જીવડાવાળું ન લેતાં ઉપર જણાવ્યા પ્રમાણે શાસ્ત્રવિહિત કાષ્ઠનું બાર આંગળ લાંબું, સીધું અને ટચલી આંગળીના ટેરવા જેવું જાડું લઇ તેના અગ્રભાગનો કૂચો કરી જલથી ધોઈ પૂર્વદિશા તરફ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી તેનાં કૂણા કૂચાથી પ્રત્યેક દાંતને ધીમે ધીમે ઘસવા કે જેથી દંતમાંસ અર્થાત્ પેઢાંને કશી ઇજા થાય નહિં એમ સારી રીતે દંતશુદ્ધિ થયા પછી તે દાતણની ચીરથી અથવા સોનાની કે રૂપાની અથવા ત્રાંબાની જીભીથી જીભને ઘસી ઓળ ઉતારી તે જીભી ધોઇ નાંખવી. પછી બાર વખત કોગળા કરી મુખશુદ્ધિ કરવી.

જે દિવસે દાતણ ન મળે અથવા રવિવાર, પડવો, અમાવાસ્યા, ષષ્ઠી, નવમી અને એકાદશી[1] વિગેરે ઉપવાસના દિવસો તથા શ્રાદ્ધ વિગેરે દિવસોમાં જાંબુ આદિ વૃક્ષોનાં પાંદડાંથી તર્જની (અંગુઠાની પાસેની આંગળી) શિવાય બીજી આંગળીથી અથવા બાર કોગળાથી મુખશુદ્ધિ કરવી એમ ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં લખ્યું છે. પરંતુ પ્રભુની સેવામાં દાતણ કર્યા વગર મુખમાંથી દુર્ગંધ આવે ઇત્યાદિ કારણોથી આપણા સંપ્રદાયમાં નિત્ય દાતણ કરવાનો સદાચાર ચાલે છે, એ યોગ્ય જ છે.

સ્નાનવિધિ–

જો નદી, તળાવ કે પગથીઆવાળી વાવમાં ન્હાવું હોય તો ભગવન્નામ તથા શ્રીયમુનાજી, શ્રીગંગાજીનું સ્મરણ કરી સ્નાન કરવું. જો ઘેર સ્નાન કરવું હોય તો નાહેલા બીજા માણસના હાથે સ્નાન કરવું (નાહાવું) આ ઉત્તમ છે, અને જો તેમ ન બની શકે તો સ્નાન કરવા માટે જલનાં પાત્રો એવી રીતે રાખવાં કે જેમાં સ્નાન કરતાં જલના છાંટા ઉડે નહિં, અને પ્રથમ એક ન્હાનું સરખું પંચીયું ભીનું કરી તેને પેહેરી તથા તામ્રાદિ શુદ્ધ પાત્રમાં પેહેલાં થોડું ઠંડું જલ નાખી તે ઉપર ગરમ જલ રેડવું. પરંતુ ગરમ જલ લઈ તેની ઉપર ઠંડું જલ રેડવું નહીં. નીચેના શ્લોકો ભણી સ્નાન કરવાના જલમાં ગંગાદિ તીર્થોનું આવાહન કરવું. અર્થાત્ ધ્યાનપૂર્વક શ્લોકો મુખથી ભણી જવા.

---

૧ એકાદશીના દિવસે દાતણ કરતાં દાંતમાંથી લોહી ન નીકળે તેની સંભાળ રાખવી. કારણ કે લોહી નીકળવાથી વ્રતનો ભંગ થાય છે.

पुष्कराद्यानि तीर्थानि गङ्गाद्याः सरितस्तथा ।
आगच्छन्तु पवित्राणि स्नानकाले सदा मम ॥ १ ॥
श्रीकृष्णवल्लभे देवि यमुने पापहारिणि ।
सेवार्थे स्नातुमिच्छामि जलेऽस्मिन् सन्निधिं कुरु ॥ २ ॥

આ પ્રમાણે આવાહન કરી આખા શરીરને સારી રીતે પલાળી ટાઢા જલથી ત્રણ કોગળા કરી તથા કોરા ન રહી જાય તેવી રીતે નાક કાનમાં આંગળીઓ ઘાલી સર્વાંગ અર્થાત્ મસ્તકથી તે પગ સૂધી જલ વહી જાય એવી રીતે શ્રી હરિસ્મરણપૂર્વક સ્નાન કરવું. સ્નાન કરતી વખતે પગના અથવા એઠા જલના છાંટા શરીર ઉપર ન ઉડે તેનું ધ્યાન રાખવું. ન્હાતી વખતે બોલવું નહીં, અને નાહ્યા પછી પ્રથમ અંગુછાથી મુખ લૂછી ત્યાર બાદ આખું શરીર લૂછવું. શરીર લૂંછતાં યમુનાષ્ટક આદિ સ્તોત્રોનો પાઠ કરવો.

સ્નાન કર્યા પછી ધોયેલાં વસ્ત્ર અથવા પટવસ્ત્ર (રેશમી) વા ઉર્ણ-વસ્ત્ર (ધાબળી વિગેરે) વા કંતાન વિગેરેનાં પવિત્ર વસ્ત્ર પેહેરવાં, તથા ઓઢવાં. પ્રથમ દેહની શુદ્ધિ માટે નીચેનો શ્લોક—

गृह्णामि गोकुलाधीश चरणामृतमादरात् ।
अतस्त्वत्सेवनासिद्ध्यै मयि दीने कृपां कुरु ॥ १ ॥

બોલી અથવા અષ્ટાક્ષરમંત્ર બોલી શ્રીજીનું ચરણામૃત મુખમાં લેવું. તથા આંખે મસ્તકે તથા હૃદયમાં પણ લગાડવું.

તિલક વિધિ—

જે વૈષ્ણવો પુષ્ટિમાર્ગીય રીતથી વિધિપૂર્વક ભગવત્સેવા કરતા હોય તેને તો તર્જની[1] આંગળીથી ભગવત્પ્રસાદિ કેસરકુંકુમ વા ચંદન ઇત્યાદિ દ્રવ્યોમાંથી કોઇ પણ દ્રવ્યથી દ્વાદશ (બાર) અંગોમાં દ્વાદશ તિલક કરવાં. જો પ્રસાદિ કુંકુમાદિ ન હોય તો કુંકુમાદિમાં ગોપીચંદન અથવા ચરણામૃત[2] મેળવી લેવું એટલે તે પ્રસાદી થયું ગણાય છે.

તિલકના આકારના પ્રમાણ વિષે શ્રી આચાર્યકૃત તત્ત્વદીપનિબંધમાં આ પ્રમાણે કહ્યું છે કે—

---

૧ અંગુઠા પાસેની આંગળી. ૨ શ્રીજીનું ચરણામૃત.

दंडाकारं ललाटे स्यात् पद्माकारं तु वक्षसि।
वेणुपत्रनिभं बाह्वोरन्यद्दीपाकृति स्मृतम् ॥ १ ॥

અર્થ–લલાટમાં દંડાકૃતિ એટલે ભગવચ્ચરણના આકારવાળું, હૃદયમાં કમલની કળીના આકારવાળું તથા ભુજાઓમાં વાંસના પાંદડાના આકારવાળું તિલક કરવું. અને તે શિવાય બીજાં સઘળાં અંગોમાં દીપકની જ્યોતિ (સગ)ના આકારવાળાં તિલક કરવાં.

લલાટમાં તિલકના આકાર વિષે શાસ્ત્રોમાં જણાવે છે કે ઉર્ધ્વપુંડ્ર સરલ–શોભાયમાન–ટચલી આંગળીના જેવું જાડું, નાસિકાના મૂલથી એટલે ભ્રૂકુટિના મધ્ય ભાગથી લઇ મસ્તકના કેશ પર્યંત અને વચમાં અવકાશવાળું હોવું જોઈએ. તિલકના ચરણાકૃતિ અને મંદિરાકૃતિ એવા બે ભાવ છે. નીચે કરતાં ઉપરના ભાગમાં પોહોળાઇવાળું હોય તો ચરણાકૃતિ અને ઉપર નીચે એક સરખું હોય તે દંડાકૃતિ અથવા મંદિરાકૃતિ કહેવાય છે.

ગોળ, વાંકુ ચુંકું, વચમાં અવકાશ વગરનું, બહુ ટુંકું બહુ લાંબું, બહુ ઝીણું, બહુ પહોળું, આડું, ઝાંખું, ઉપરના ભાગમાં બાંધેલું, છિન્નમૂલ એટલે નીચેના ભાગમાં છૂટું, જલ મેળવ્યા શિવાય જ કરેલું, અને આંગળી વગર બીજી રીતે કરેલું, આવી જાતનાં તિલકો નિષિદ્ધ ગણાય છે.

તિલક કરતી વખતે નીચે લખ્યા પ્રમાણે ભગવાનનાં નામોનું ઉચ્ચારણ કરી દ્વાદશ (બાર) અંગોમાં દ્વાદશ તિલક કરવાં. (૧)–લલાટમાં તિલક કરતાં કેશવાય નમઃ (૨) નાભિ ઉપર કરતાં નારાયણાય નમઃ (૩) હૃદયમાં કરતાં માધવાય નમઃ (૪) કંઠ ઉપર કરતાં ગોવિંદાય નમઃ (૫) જમણી કેડે કરતાં વિષ્ણવે નમઃ (૬) જમણા બાહુ ઉપર કરતાં મધુસૂદનાય નમઃ(૭) જમણા કાનના મૂલમાં કરતાં ત્રિવિક્રમાય નમઃ (૮) ડાબી કેડે કરતાં વામનાય નમઃ (૯) ડાબા બાહુ ઉપર કરતાં શ્રીધરાય નમઃ (૧૦) ડાબા કાનના મૂલમાં કરતાં હ્રષીકેશાય નમઃ (૧૧) પીઠપર કરતાં પદ્મનાભાય નમઃ (૧૨) અને કકુદ એટલે કાંધપર કરતાં દામોદરાય નમઃ–છેવટ બાકી હાથમાં લાગી રહેલા કંકુમાદિને ધોઇ વાસુદેવાય નમઃ આ નામ લઈ માથે ચડાવવું.

બ્રહ્મસમ્બન્ધ લીધા પછી વૈષ્ણવોનો મુખ્ય ધર્મ એ છે કે, પુષ્ટિમાર્ગીય રીતિ પ્રમાણે મંગલાથી લઇને રાજભોગ પર્યંત તથા સાંજે

ઉત્થાપનથી લઇને શયન પર્યંત ભગવત્સેવા કરવી. પરંતુ ઘણા ખેદની વાત એ છે કે આજકાલ વૈષ્ણવો બ્રહ્મસમ્બન્ધ લીધા પછી પણ પરમ પુરુષાર્થરૂપ પ્રેમલક્ષણાભક્તિને ઉત્પન્ન કરનારી ભગવત્સેવા કરતા નથી. તેથી એવા ભગવત્સેવારહિત વૈષ્ણવોને તો દ્વાદશ તિલક કરવાનો અધિકાર નથી. માટે તેમણે તો લલાટમાં એકજ ઉર્ધ્વપુંડ્ર તિલક નારાયણાય નમઃ એ નામોચ્ચારણ કરી કરવું.

મુદ્રાવિધિ.

જે વૈષ્ણવો પુષ્ટિમાર્ગીય રીતથી વિધિપૂર્વક ભગવત્સેવા કરતા હોય તેણે તો છ મુદ્રા ધારણ કરવી.

તિલક કર્યા પછી શ્રીગોપીચંદનની મુદ્રા ધારણ કરવી. તેનો ક્રમ પ્રમાણે સમજવો.

જમણા બાહુના મૂલમાં અર્થાત્ ખભાથી જરા નીચેના ભાગમાં ચાર ચક્ર તેની નીચે એક નામમુદ્રા તેની નીચે એક શંખ તેની નીચે ફરીથી એક નામમુદ્રા અને તેની આજુ બાજુએ બે બે મળી ચાર પદ્મ ધારણ કરવાં. એવી જ રીતે જમણા સ્તન ઉપર વચમાં માર્ગ રાખી ઉપરા ઉપર ત્રણ ચક્રો કરવાં. અને તેઓની વચમાં રાખેલા માર્ગમાં બે શંખો કરવા. તથા તેની આજુબાજુએ બે બે મળી ચાર પદ્મો ધારણ કરવાં. હૃદયમાં એક નામમુદ્રા અને તેની ચારે બાજુએ સંપ્રદાય મુદ્રાઓ ચાર કરવી. લલાટમાં ભ્રકુટી પાસે તિલકની વચમાં એક ગદા અથવા એક પદ્મ કરી તેની ઉપર મસ્તકના કેશ પર્યંત સંપ્રદાય મુદ્રાઓ કરવી. ડાબા બાહુના મૂલમાં અર્થાત્ ખભાથી જરા નીચેના ભાગમાં ચાર શંખો, તેની નીચે એક નામમુદ્રા, તેની નીચે એક ચક્ર, તેની નીચે ફરીથી એક નામમુદ્રા તથા તેની બન્ને બાજુએ બે બે મળી ચાર ગદાઓ કરવી. તે જ પ્રમાણે ડાબા સ્તન ઉપર વચમાં માર્ગ રાખી ઉપરાઉપર ત્રણ ચક્રો કરવાં અને રાખેલા માર્ગમાં એકેક મળી બે શંખો કરવા તથા તેની બન્ને બાજુએ બે બે મળી ચાર ગદાઓ ધારણ કરવી: જમણા કાનની નીચેથી કંઠ પર્યંત વચમાં જરા જરા માર્ગ રાખી ત્રણ ચક્રો કરવાં. એવી જ રીતે ડાબા કાનની નીચેથી કંઠ પર્યન્ત ત્રણ ચક્રો કરવાં. તથા કંઠના તિલકની વચ્ચે એક ચક્ર કરવું. અથવા એક શંખ ધારણ કરવો. એવો પણ પ્રકાર છે. નાભિ ઉપર,

જમણી ડાબી બન્ને કેડો ઉપર, પીઠ ઉપર તથા કાંધ ઉપર એક એક ચક્ર કરવું. શંખ ચક્રાદિ મુદ્રાઓ ધારણ કર્યા વગર ભગવત્સેવા કરવી નહીં. કારણ કે મુદ્રા ધારણ કરવી એ ભગવત્સેવાનું અંગ છે.

જે વૈષ્ણવો પુષ્ટિમાર્ગીય રીતથી વિધિપૂર્વક ભગવત્સેવા ન કરતા હોય તેવા સેવારહિત વૈષ્ણવોને છ મુદ્રા ધારણ કરવાનો અધિકાર નહિ હોવાથી સંપ્રદાય મુદ્રા અને પદ્મમુદ્રા આ બે જ ધારણ કરવી. છ મુદ્રા સર્વથા ધારણ કરવી નહિ.

ભગવત્સેવા.

પરમ પુરુષાર્થરૂપ પ્રેમલક્ષણા ભક્તિની પ્રાપ્તિને માટે અને તેનાં સાધનરૂપ શ્રવણાદિ નવધા ભક્તિની તેમાંયે વિશેષે કરી આત્મનિવેદન ભક્તિની સિદ્ધિને અર્થે આત્મનિવેદી ભગવદ્ભકતોયે સમર્પણ મંત્રોપદેશ લીધા પછી સદાનંદરૂપ શ્રીકૃષ્ણની સેવા કરવી એ જ જીવનું મુખ્ય કર્તવ્ય છે. અર્થાત્ જીવોનો સહજ ધર્મ છે. માટે જે સ્વરૂપમાં આપણાં મનની રુચિ હોય, અને જે સ્વરૂપની સેવા કરવાથી આપણાં મનની વૃત્તિ એકાગ્ર થાય તેવું સ્વરૂપ પધરાવી સેવા કરવી.

સ્થૂલ સૂક્ષ્મ દેહવિશિષ્ટ ચેતનનું નામ[૧] જીવ છે. તે જીવ ભગવાનનો અંશ છે. તેનો પરબ્રહ્મની સાથે અશાંશિભાવ તથા સેવ્યસેવકભાવાદ નિત્ય સંબંધ છે. આ પ્રમાણે જીવોને ભગવાનનું સહજ દાસત્વ હોવાને લીધે ભગવદ્ભજન અર્થાત્ ભગવાનની સેવા કરવી જ પરમધર્મ છે. કહ્યું છે કે,–"**यो यदंशः स तं भजेत्**" અર્થ–જે જેનો અંશ હોય તે તેને ભજે. આજ અભિપ્રાયથી શ્રીમદાચાર્યચરણોએ સિદ્ધાન્તમુકતાવલી નામના ગ્રંથમાં આજ્ઞાકરી છે કે "**कृष्णसेवा सदा कार्या**" એટલે શ્રીકૃષ્ણની સેવા સદા સર્વકાલમાં અવશ્ય કરવી. તે સેવા માનસી, તનુજા, તથા વિત્તજા, એમ ત્રણ પ્રકારની છે. તેમાં માનસી સેવા મુખ્ય છે. તે માનસી સેવાનું લક્ષણ શ્રીઆચાર્યચરણોએ આ પ્રમાણે કહેલું છે કે "**चेतस्तत्प्रवणं सेवा**" એટલે શ્રીપ્રભુમાં મનની એકાગ્રતાનું જ નામ સેવા અર્થાત્ જેમ ગંગાનો પ્રવાહ કોઈ પણ કાળમાં કાંઈપણ વ્યવધાન (અડચણ) વગર સમુદ્રમાં પડતો જ રહે છે. તેવીજ રીતે પોતાના સેવ્ય-

(૧) તણખા અને અગ્નિની પેઠે.

સ્વરૂપમાં મનનો વ્યવધાન રહિત વિનિયોગ થાય તેનુંજ નામ માનસી સેવા છે.

તનુજા અને વિત્તજા એ બે પ્રકારની સેવા ફલરૂપ માનસી સેવાની સિદ્ધિને માટે સાધનરૂપા છે.

જેમ લોકમાં નોકર પોતાના માલેકની પ્રસન્નતાને માટે સવારથી સાંજસુધી તેની નોકરી બજાવે છે. તેમજ અખિલ બ્રહ્માંડના અધિપતિ શ્રીપ્રભુની પ્રસન્નતા માટે ચિત્તને એકાગ્ર રાખી સર્વેન્દ્રિયોથી તત્પર થઈ કાયિક સેવા કરવી તેનું નામ તનુજા સેવા છે.

ભગવદિચ્છાથી પ્રાપ્ત થયેલી ધનાદિસંપત્તિદ્વારા સેવોપયોગી પદાર્થોનું સંપાદન કરવું તે વિત્તજા સેવા કહેવાય છે. એ વિત્તજા સેવા બે પ્રકારની છે પોતાના ધનથી શ્રીપ્રભુનાં મંદિર, આભરણ, પાત્ર, સાજ, ભોગ, રાગ વિગેરે સાધનપૂર્વક પોતે સેવા કરવી તે એક, અને પોતે ધન ખર્ચી બીજાની પાસે સેવા કરાવવી તે બીજી આ બે પ્રકારની સેવામાંથી તનુજાસહ વિત્તજા સેવાનો પ્રકાર કહેવામાં આવ્યો છે તે ઉત્તમ છે. અને કેવલ વિત્તજા સેવાનો પ્રકાર કહેવામાં આવ્યો છે તે મધ્યમ છે. યદ્યપિ કર્મમાર્ગમાં એવું વિધાન છે કે યજમાન ઋત્વિજને દ્રવ્ય દઈ તેની પાસે યજ્ઞાદિ કર્મ કરાવે છે અને તે કર્મનું સંપૂર્ણ ફલ તે યજમાનને જ મળે છે. પરંતુ ભક્તિમાર્ગમાં તેમ નથી કારણ કે ભક્તિ તો એક અંતઃકરણનો ધર્મ છે. તેથી કેવળ વિત્તજાસેવા પ્રેમલક્ષણારૂપ માનસી સેવાને તેવી શીઘ્રતાથી સાધી શકતી નથી કે જેવી શીઘ્રતાથી તનુજાસહ વિત્તજા માનસી સેવાને સાધી શકે છે. માટે વૈષ્ણવોએ પરા માનસી સેવાની સિદ્ધિને અર્થે આગ્રહપૂર્વક તનુજાસહ વિત્તજા સેવા સદા કરવી.

આ પ્રમાણે શ્રવણાદિ નવધા ભક્તિસહિત સાધનરૂપ તનુજા વિત્તજા સેવાની વારંવાર આવૃત્તિ કરવાથી પ્રેમલક્ષણારૂપ માનસી સેવાની સિદ્ધિ થાય છે.

વૈષ્ણવમાત્રનું મુખ્ય કર્તવ્ય છે કે, પોતાના ઘરમાં પુષ્ટિમાર્ગીય શ્રી ગુરુદેવદ્વારા પોતાના મનને[1] રુચે તેવા સેવ્યસ્વરૂપને પુષ્ટ કરાવી અર્થાત્ તેમાં ભગવદાવિર્ભાવ કરાવી સ્વરૂપસેવા પધરાવવી. જે વૈષ્ણવ સાત ઘર-

---

૧ ગૌર—શ્યામ—દ્વિભુજ—ચતુર્ભુજ—બાલ—કિશોર—આદિ જે સ્વરૂપમાં પોતાની વિશેષ આસક્તિ હોય તે.

માંથી (સાત ગાદીમાંથી) જે ઘરના[1] સેવક હોય તે જ ઘરની પ્રણાલિકા પ્રમાણે તે વૈષ્ણવે પોતાના શ્રીગુરુચરણ પાસેથી સવારે મંગલાથી લઈ રાજભોગ સુધીનો અને સાંજે ઉત્થાપનથી લઈ શયન સુધીનો તથા વર્ષોત્સવોનો સેવા પ્રકાર યથાવિધિ સમજી લઈ પોતાના સેવ્ય સ્વરૂપમાં સાક્ષાત્ શ્રીપુરુષોત્તમનો ભાવ રાખી પરમ પ્રીતિ-પૂર્વક રાજસેવાવત્ પુષ્ટિમાર્ગની રીતે ઋતુ અનુસાર શ્રીપ્રભુની સેવા કરવી.

જો પુષ્ટિમાર્ગની વિધિ પ્રમાણે સ્વરૂપસેવા કરવાની પોતાને અનુકૂલતા ન હોય તોપણ પ્રત્યેક આત્મનિવેદી વૈષ્ણવોએ આટલું તો અવશ્ય જ કરવું જોઇયે કે, એક સારી કલમવાળી કે જે, પોતાના નેત્ર તથા ચિત્તને પ્રસન્ન કરે તેવી શ્રીજી વિગેરેની છબી પોતાના શ્રીગુરુદેવ અથવા કોઇ પણ પુષ્ટિમાર્ગીય શ્રીઆચાર્યચરણો પાસે પુષ્ટ કરાવી તેની સેવા કરવી. તેનો પ્રકાર આ પ્રમાણે સમજવો.

એક ઢાંકણાવાળી ઝાંપીને રેશમી કાપડથી અથવા કંતાન વિગેરે પવિત્ર વસ્ત્રથી મઢાવી, તેમાં રેશમી અથવા મખમલના અથવા છીંટના કોમલ રુભરેલ ગાદી તકિયા બિછાવી તે ઉપર કોમલ મખમલની સફેદ ચાદર બિછાવી તેમાં ચિત્રસેવા પધરાવવી. એક નાની સરખી ચાંદીની કટોરી શ્રીને ભોગ ધરાવવા સારુ રાખવી. અને જો શ્રીને જલની ઝારી ધરવી હોય તો એક ન્હાની ચાંદીની અથવા ત્રાંબાની ઝારી શ્રીને જલ સમર્પવા માટે રાખવી. ઝારીમાં શુદ્ધ પોતાના હાથથી લાવેલું અથવા સ્ત્રીજન લાવે તો પણ તે જલ પવિત્રતાથી લાવેલું હોવું જોઇએ. ઉચ્છિષ્ટ તથા અપવિત્ર જલ શ્રીપ્રભુને ધરવું નહીં. અને શ્રીને ભોગ ધરવા માટે જે મેવો મિશ્રી અથવા જે કાંઈ પદાર્થ હોય તે, એક જૂદા ડાબલામાં રાખી મુકવો. તેમાંથી શ્રીના ભોગ શિવાય બીજા કોઇ પણ કાર્યમાં વાપરવો નહીં. કારણ કે, ભગવાનના ઉપયોગ સારુ લાવેલા પદાર્થોમાંથી થોડો ભાગ પણ જો પ્રથમ પોતાના ઉપયોગમાં લેવામાં આવે તો, તેમાંનો બાકીનો ભાગ સામિભુક્ત એટલે અર્ધભુક્ત કહેવાય છે. તેવા અર્ધભુકત પદાર્થોનો શ્રીપ્રભુની સેવામાં સર્વથા ઉપયોગ કરવો નહીં. એમ જ વસ્ત્ર અલંકાર વિગેરેને માટે પણ સમજવું.

---

૧ જો એક ઘરમાં બે ચાર માણસ જુદા જુદા ઘરના સેવક હોય તો ઘરમાં જે માણસ સૌથી મ્હોટું અને મુખ્ય હોય તે જે ઘરનો સેવક હોય તે ઘરની રીતિ પ્રમાણે પોતાના ઘરમાં સેવા પ્રકાર રાખવો એવી પરંપરા છે.

સેવા કરતી વખતે પ્રથમ ઝાંપીને ઉઘાડી, શ્રીચિત્રજી પોઢયા હોય તેમને ઘંટાનાદથી અથવા ત્રણ ચપટીના અથવા ત્રણ તાલીના અવાજથી જગાડી, ઉષ્ણુકાલ હોય તો ઝીણાં મલમલનાં વસ્ત્રો, ચોમાસાના દિવસો હોય તો ઝીણાં મલમલના તરેહવાર રંગરંગનાં વસ્ત્ર, અને શીતકાલ હોય તો રેશમી અથવા છીંટના રુયેલ વસ્ત્ર, ઋતુ અનુસાર ધરાવવાં. જો ગુંજાની માલા ધરાવવી હોય તો તે ધરાવવી. પછી અનુકૂલતા હોય તો સારાં સુગંધવાળાં ગુલાબ મોગરા વિગેરે પુષ્પોની માલા ધરાવવી ત્યાર બાદ જો જલની ઝારી ધરાવવાની ઇચ્છા હોય તો પવિત્ર જલ, ઝારી ભરવા સારુ નોખું લાવી રાખ્યું હોય તેમાંથી શ્રીની ઝારી ભરવી, તે ઉપર મધરાસી વિગેરેનું ભીનું વસ્ત્ર લપેટી તે એક નાની પડઘી ઉપર શ્રીની ડાબી બાજુએ પધારવવી. તે પછી લીલો અથવા સૂકો મેવો અથવા મિશ્રી જે સમયાનુસાર મળી આવે તે યથાશક્તિ ભોગ ધરવો. ભોગ ધર્યા પછી શ્રીના ચરણારવિંદમાં સમર્પણમંત્રથી તુલસીદલ સમર્પવાં. તે પછી બન્ને હાથ જોડી દીનતાપૂર્વક શ્રીની પ્રાર્થના કરવી કે "હે પ્રભો શ્રીમદાચાર્યચરણ–શ્રીમહાપ્રભુજીની કાનથી શ્રીગુરૂદેવની કાનથી કૃપા કરી આરોગશો." આ પ્રમાણે પ્રાર્થના કર્યા પછી ઝાંપી ઉપર એક વસ્ત્ર ઢાંકી દેવું જેથી શ્રીને આરોગતાં શ્રમ પડે નહિ. તે પછી શરણ તથા નિવેદન આદિ મંત્રોનો યથાશક્તિ જપ કરવો. તે પછી "જય જય" એમ બોલી ભોગ સરાવવો. અને આચમન મુખવસ્ત્ર કરાવી બીડી ધરાવવી. તે પછી પ્રેમપૂર્વક શ્રીનાં દર્શન તથા ચરણસ્પર્શ કરી, તે હાથ પોતાની આંખોપર તથા મસ્તકપર અડાડવો. અને દીનતાપૂર્વક કાયિક, વાચિક, તથા માનસિક, એ ત્રણે પ્રકારે શ્રીને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરવા. પછી હાથ ધોઇ શ્રીને જે વસ્ત્ર ધરાવ્યાં હોય તે વડાં કરી ઝાંપીમાં ચારે બાજુ ચાર રૂયેલ તકિયા ધરી, કે જેમ કરવાથી શ્રીને પોઢતાં શ્રમ પડે નહી તેમ, અને શિરાનાનો તકિયો એક ધરી શ્રીને પોઢાડવા. ઉષ્ણુકાલ હોય તો ઝીણી મલમલની સફેદ ચાદર, અને જો શીતકાલ હોય તો રૂયેલ રજાઇ ઓઢાડવી.

જપવિધિ–

પુષ્ટિમાર્ગની રીતે વિધિપૂર્વક સ્વરૂપ સેવા કરનારે મંગલભોગ અથવા રાજભોગ ધરી અથવા જે વખતે સેવાના કાર્યથી અવકાશ મળે

તે વખતે જપ કરવો. અને સાધારણ રીતે ચિત્રસેવા કરનારે ચિત્રજીને મેવા મિશ્રી આદિ ભોગ ધરીને જપ કરવો. જપ કરવાનો પ્રકાર આ પ્રમાણે સમજવો કે એકસો, આઠ પારાવાળી અને જેમાં દરેક પારા પાસે બ્રહ્મગાંઠ હોય તેવી સુમેરૂ સહિત તુલસીની માલાને રેશમી અથવા બનાત વિગેરે વસ્ત્રની ગૌમુખીમાં રાખી તેથી કરવો. તે માલા જમણા હાથની અનામિકા એટલે ટચલી આંગળી પાસેની આંગળી ઉપર રાખી અંગુઠાથી તથા મધ્યમાં એટલે વચલી આંગળીના સંબંધ સહિત જે મંત્રનો જપ કરવો હોય તે મંત્રને અર્થાનુસંધાન પૂર્વક એક એક વાર બોલી એક એકપારો ફેરવવો. તેમાં માલાને તર્જની એટલે અંગુઠા પાસેની આંગળી અડવા દેવી નહિં. જપ કરતી વખતે શ્રીમદાચાર્યચરણનું સ્મરણ કરી, પ્રથમ અષ્ટાક્ષર શરણ મંત્રની આઠ માલા ફેરવવાનો સદાચાર છે, પરંતુ તેટલી માલા ફેરવવી ન બની શકે તો પછી પાંચ અથવા ત્રણ, અને તેટલી પણ ન બની શકે તો છેવટ એક તો અવશ્ય ફેરવવી.

જો ઘરમાં સ્વરૂપસેવા બિરાજતી હોય અને આચાર વિચારની રીતે અપરસ હોય તો તેવી જ અપરસમાં નિવેદન ગદ્યનો અને પંચાક્ષર મંત્રનો જપ કરવો અને જો ઘરમાં તેવી અપરસ ન રહેતી હોય તો નદી, તલાવ વાવ, કે જે જલાશય નજદીક હોય તેમાં સ્નાન કરી ગદ્યનો તથા પંચાક્ષર મંત્રનો જપ અવશ્ય કરવો.

હાલના વખતમાં જોઇએ તેવી અપરસની સગવડ નહીં રહેવાથી ઘણે ભાગે સાંપ્રદાયિક વૈષ્ણવોમાં સમર્પણ મંત્રનો જપ કરવાનો પ્રચાર છેક છુટી ગયો છે. એમ થવું સર્વથા અનુચિત જ છે. કારણ કે જે મંત્રનો ઉપદેશ લીધો હોય તે મંત્રનો જો રોજ જપ ન થાય તો તેને માટે શાસ્ત્રમાં પ્રત્યવાય (દોષ) કહેલો છે. માટે બને તેટલી અપરસ રાખી ગદ્યમંત્રનો તથા પંચાક્ષરમંત્રનો કેવળ માનસિક જપ કરવો. માનસિક જપ એટલે જીભથી ઉચ્ચારણ ન થાય અને મનમાં મંત્રનું સ્મરણ થાય તે માનસિક જપ કહેવાય છે.

નિવેદન મંત્રનો જપ કરતી વખતે પ્રથમ માલાનો સુમેરુ જમણા હાથમાં રાખી, બન્ને હાથ જોડી એકાગ્ર ચિત્ત થઇ અર્થાનુસંધાન-પૂર્વક પ્રથમ ગદ્યમંત્રનું પાંચ વખત, ત્રણ વખત, અથવા એક વખત, ઉચ્ચારણ કરી પંચાક્ષર મંત્રની પાંચ, બે, અથવા છેવટમાં એક માલા તો અવશ્ય ફેરવવી.

અને બની શકે તો વલ્લભ અષ્ટાક્ષરાદિ મંત્રની પણ એક એક માલા ફેરવવી. તે પછી જેને ત્યાં સ્વરૂપસેવા બિરાજતી હોય તેણે રાજભોગ ધરી અથવા રાજભોગ આરતી કરી અષ્ટાક્ષરાદિ મંત્રનો જપ કરવો. તેમજ ચિત્રસેવા કરનારે પણ કરવો.

નત્યપાઠ કરવાનો ક્રમ–

શ્રીમદ્‌ભાગવત, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા તથા સ્વમાર્ગીય ષોડશ ગ્રન્થ, તેમ જ સર્વોત્તમજી, વલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, નામરત્ન, મધુરાષ્ટક, અને ગોકુલેશાષ્ટક, મળી બાવીશ ગ્રન્થોના તથા શ્રીપુરુષોત્તમસહસ્રનામ વિગેરેના યથાશકિત પાઠ કરવા.

સ્નાન કરી પ્રથમ યમુનાષ્ટકના પાઠથી આરંભ કરવો. અને જેને ત્યાં સ્વરૂપસેવા બિરાજતી હોય અને પાઠો મોઢે આવડતા હોય તેણે સ્વમાર્ગીય ષોડષગ્રન્થાદિના પાઠો ભગવત્સેવા કરતાં મુખથી કરવા અને જેઓને એ પાઠો કંઠસ્થ ન હોય તેઓએ સેવાના કાર્યથી પોહોંચી પુસ્તકમાં જોઈ ષોડશ ગ્રંથ તથા શ્રીપુરૂષોત્તમસહસ્રનામ શ્રીમદ્‌ભાગવત અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતાદિ ગ્રંથોનો પાઠ કરવો. બધા ગ્રંથોના પાઠ કરવા ન બની શકે તો પછી યમુનાષ્ટક, શ્રીસર્વોત્તમજી, નવરત્ન શ્રીકૃષ્ણાશ્રય, તથા ચતુઃશ્લોકી આટલા ગ્રન્થોનો પાઠ તો અવશ્ય કરવો.

ગૃહસ્થોને શાસ્ત્રમાં પાંચ મહાયજ્ઞો કરવાની આવશ્યકતા લખેલી છે. માટે શૂદ્ર ગૃહસ્થ વૈષ્ણવોયે પંચમહાયજ્ઞો પણ નમસ્કારમંત્રથી શૂદ્રકમલાકરાદિ ગ્રંથોમાં જણાવેલા વિધિ પ્રમાણે કરવા. જેમ કે કહ્યું છે કે–

नमस्कारेण मन्त्रेण पञ्चयज्ञान्न हापयेत् ॥

તે પંચ મહાયજ્ઞો (બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, મનુષ્યયજ્ઞ.)માંથી બ્રહ્મયજ્ઞને છોડી બાકીના ચાર યજ્ઞો ભગવત્પ્રસાદી અન્નથી જ અવશ્ય કરવા.

દાનવિધિ

બધા ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં ગૃહસ્થોને નિત્યદાન કરવાની આવશ્યકતા કહેલી છે. નિત્યદાન કરવું આ પણ ગૃહસ્થાશ્રમનો એક પ્રધાન ધર્મ છે માટે ગૃહસ્થોએ ભગવત્પ્રીત્યર્થ સ્વસંપત્ત્યનુસાર પ્રતિદિન ધન ધાન્યાદિ જે બને તે વિશેષે કરી સત્પાત્ર બ્રાહ્મણને અથવા જો સત્પાત્ર

બ્રાહ્મણ ન મળે તો બ્રાહ્મણ માત્રને શ્રદ્ધાસહિત પ્રથમ શાસ્ત્રવિધિ પ્રમાણે સંકલ્પપૂર્વક તે બ્રાહ્મણનું પૂજન કરી દાન કરવું. જો વિધિપૂર્વક ન બની શકે તો પણ દાન તો અવશ્યજ કરવું. દાન કર્યા વગરનો એક દિવસ પણ વગર કારણે ખાલી જાવા દેવો નહીં. તેમ જ સંક્રાન્તિ અમાવાસ્યા, વ્યતીપાત, ઇત્યાદિ દિવસોમાં પણ નિત્ય કરતાં વિશેષ દાન કરવાં અને જો કોઇ યાચના કરવાને આવે તો તેને પણ યથાશક્તિ દાન આપવું. કદાચિત્ બિલકુલ દાન દેવા શક્તિ ન હોય તો પછી રોજ એક અન્નની મુષ્ઠિકા (મુઠ્ઠી) જુદી એક પાત્રમાં ભેગી કરતાં જવું. અને જ્યારે વિશેષ અન્ન ભેળું થાય ત્યારે તે બધા અન્નનું દાન બ્રાહ્મણને કરી દેવું. આ પ્રમાણે યથાશક્તિ દાન કર્યા પછી ગાયને ગોગ્રાસ આપવો. તે પછી ગૃહસ્થ વૈષ્ણવોએ પ્રથમ આવેલા અતિથિને મહાપ્રસાદ લેવરાવી, પોતે મહાપ્રસાદ લેવો.

વૈષ્ણવોએ યાવત્ ખાનપાનાદિના પદાર્થો પ્રથમ શ્રીભગવાનને અર્પણ કરીને જ પોતાના ઉપયોગમાં લેવા. જેમ કે અથર્વણવેદીય મહોપનિષદ્‌માં કહ્યું છે કે–સર્વ દેવો, સર્વ પિતૃઓ, સર્વ મનુષ્યો, વિષ્ણુએ ભોજન કરેલા પદાર્થનું ભક્ષણ કરે છે. વિષ્ણુએ સૂંઘેલા પદાર્થોને સૂંઘે છે, વિષ્ણુએ પાન કરેલા પદાર્થનું પાન કરે છે અને વિષ્ણુએ સ્વાદ લીધેલા પદાર્થોનો સ્વાદ લે છે. માટે વૈષ્ણવોએ અન્નજલાદિ કોઇ પણ પદાર્થ વિષ્ણુને અર્પણ કર્યા પછી જ તેનું ભક્ષણ કરવું.

એમજ શ્રીગીતાજી તથા શ્રીભાગવતાદિગ્રંથોમાં પણ અનેક ઠેકાણે શ્રીભગવાનને અર્પણ કરીનેજ ભગવત્પ્રસાદનું ગ્રહણ કરવાનું લખ્યું છે. તેમજ ભગવાનને અર્પણ કર્યા વગર અન્નાદિ પદાર્થોનું ગ્રહણ કરવાનો શાસ્ત્રમાં મહાન્ દોષ કહ્યો છે. જેમ કે પુરાણમાં કહ્યું છે કે–

अनर्पयित्वा गोविन्दे यैर्भुक्तं धर्मवर्जितैः ।

शुनो विष्ठासमं चान्नं नीरं च सुरया समम् ॥ १ ॥

અર્થ–શ્રીગોવિંદને અર્પણ કર્યા શિવાય જે ધર્મ હીન મનુષ્યો અન્ન ખાય છે. તથા જલ પીએ છે, તે અન્ન શ્વાનવિષ્ઠા સમાન સમજવું અને જલ મદિરા સમાન સમજવું.

તેથી જ શ્રીઆચાર્યચરણોએ સિદ્ધાન્તરહસ્ય ગ્રંથમાં આજ્ઞા કરી છે કે–

असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ।

અર્થ—અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. તેથી સારાંશ આ છે કે વૈષ્ણવોએ અસમર્પિત વસ્તુઓનો પોતાના ઉપયોગ માટે સંસર્ગ માત્ર પણ સર્વથા કરવો નહી.

તે માટે શાસ્ત્ર તથા સાંપ્રદાયિક ગ્રંથોથી સિદ્ધ ઉત્તમ પક્ષ તો આજ છે કે પુષ્ટિમાર્ગની રીતે પોતાના ઘરમાં ભગવત્સેવા પધરાવી આચાર-વિચારપૂર્વક અન્નજલાદિ પદાર્થો પ્રથમ શ્રીપ્રભુને અર્પણ કરીને જ પોતાના ઉપયોગમાં લેવા. જો અસૌકર્યને લીધે કોઇ પ્રકારે પણ સર્વથા તેમ ન જ બની શકે તો, આપત્તિ ધર્મ પ્રમાણે જે મેવા, મીશ્રી, શ્રીને ભોગ ધર્યો હોય તે, અથવા ભગવત્પ્રસાદી તુલસી, વા શ્રીજીના ચરણામૃતને પાકાદિમાં પધરાવી, તે અન્નનો દોષમાત્ર પણ મટાડી પોતાના ઉપયોગમાં લેવું.

મહાપ્રસાદ લેવાનો વિધિ—

પ્રસાદ લેતાં પહેલાં પ્રથમ હાથ પગ તથા મુખને ધોઇ, શ્રીહરિનું સ્મરણ કરી, પ્રસાદ લેવા બેસવું. પ્રથમ જમીન ઉપર ગોમય સહિત જલથી પોતનું કરી, તે ઉપર મહાપ્રસાદની પાતલ મુકવી. તે પાતલ, કેળ, આંબો, જાંબુ, ફણસ, ચંપો ઉમરો તથા ખાખરાના[1] પાનની શાસ્ત્રકારોએ ઉત્તમ કહેલી છે, અને આંકડો, પીપર, વડ વિગેરેનાં પાનોની પત્રાવલી નિષિદ્ધ કહેલી છે અને પાત્રમાં પ્રસાદ લેવો હોય તો, સોના તથા રૂપાનાં પાત્રમાં[2] લેવો. ત્રાંબા તથા લોઢાના પાત્રમાં લેવો નહીં. કારણ કે તેનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે.

ભોજન સંબંધી કેટલીએક જાણવા જેવી બાબતો.

રજસ્વલા શ્વાન, કાક, ચાંડાલ અને હીન જાતિની દૃષ્ટિ પડે નહીં તેવાં એકાંત સ્થાનમાં ભોજન કરવા બેસવું. અન્નની નિન્દા કરવી

---

૧ જે ખાખરાનો નિષેધ કહ્યો છે તે વલ્લીપલાશ (લાંબો ખાખરો)નો નિષેધ સમજવો.

૨ પીત્તલના પાત્રમાં ભોજન કરવું એ મધ્યમ છે અને કાંસાના પાત્રમાં એક જ મનુષ્યે ભોજન કરવું, એટલે કાંસાના પાત્રમાં એક માણસે ભોજન કર્યુ હોય તે ઉચ્છિષ્ટ થયું, માટે બીજાયે તેમાં ભોજન કરવું નહી. આ પ્રમાણે પ્રાયશઃ શાસ્ત્રમાં જોવામાં આવે છે. તેથી આપણા સંપ્રદાયમાં પિત્તલ તથા કાંસાનાં પાત્રો ભોજનમાં વાપરવાનો રિવાજ પરંપરાથી જ રાખ્યો નથી.

નહીં. એમ ધર્મશાસ્ત્રમાં લખ્યું છે. તેથી ભોજન કરતાં કોઈ પણ પદાર્થની નિન્દા કરવી નહિ. પરંતુ શ્રીપ્રભુને માટે બગડયા સુધર્યાનું કહેવામાં દોષ નથી. કેમકે તે કહેવાથી ફરી શ્રીપ્રભુને માટે સાવધનીથી સામગ્રી કરવામાં આવે.

ડુંગળી, લસણુ, ધોળાં રીગણાં (ગોટા જેવાં થાય છે તે) પતાળુ ગાજર, રાતા મૂળા (જે પતાળુ ગાજર જેવા થાય છે તે) અને કવક (જે ઉકરડામાં છત્રને આકારે થાય છે તેથી છત્રાક પણ કહેવાય છે ગામડાનાં લોકો તેને મીંદડાની બળી કહે છે તે) એટલા પદાર્થો કોઈ દિવસ પણ ખાવા નહી. કેમકે તે પદાર્થોને ગામમાં ફરતાં કુકડાં બરોબર લેખીને તે ખાવાથી ચાંદ્રાયણ પ્રાયશ્ચિત કરવાનું ધર્મશાસ્ત્રમાં લખ્યું છે. તેમ જ મુરસ ખાંડ અસ્થિ (હાડકાં)ના ભૂકાથી ધોઈને બનાવવામાં આવે છે માટે તે પણ ખાવાના ઉપયોગમાં લેવી નહી. ઘણા ખરા વૈષ્ણવોને તો તે વાતની ખબર હોવાથી મુરસ ખાંડ વાપરતા જ નથી. અને મંદિરમાં તો તે ઉપયોગમાં આવતી જ નથી. એમ સર્વ કોઈ જાણે છે. પણ મોરસ ખાંડને દળીને પીસેલી ખાંડને નામે વેચાય છે તે અને મુરસ ખાંડમાંથી ભાવનગરી સાકર બને છે તે કેટલાએક વૈષ્ણવો (પોતાની અણસમજને લીધે) વાપરે છે, એમ સાંભળવામાં છે તે સર્વથા વાપરવી નહી; કેમકે તેનો સંસર્ગ મંદિર સુધી પોહોંચવાનો (તે વાપરવાથી) સંભવ થાય.

આ પ્રસંગમાં બીજા પણ અનાચારોથી બચવાની સૂચના.

નલના જલનો સર્વથા ઉપયોગ કરવો નહી, એમ ઘણાખરા વૈષ્ણવો જાણે છે; તોપણ કેટલાએક બહારના કામમાં (વસ્ત્રાદિક ધોવા વિગેરેમાં) નલનાં પાણીનો ઉપયોગ કરે છે, એમ સાંભળવામાં આવે છે પણ તેટલી છૂટ રાખવાથી તેનો સંસર્ગ ભીતર સુધી પોહોંચવાનો સંભવ છે. એટલું જ નહી પણ નલનાં પાણીમાં કપડાં ધોઈને સૂકાવે તે પહેરીને બહાર જાય ત્યાં મંદિરમાં સેવા કરવા બેસે કે સેવા કરનારનો (તે કપડાં પેહેર્યાં હોય અને) સ્પર્શ કરે તો અનાચાર ઠેઠ મંદિર સુધી પહોંચે તો આપણને અપરાધ લાગે.

રેલ્વેના સંસર્ગવાળાં કપડાં બોળી નાંખવાનો ચાલતો રીવાજ છે. અને તે પ્રમાણે જેઓ જાણે છે તેઓ તો સર્વ કપડાં બોળી સ્નાન કરી

શુદ્ધ થઇનેજ મંદિરમાં દર્શન કરવા આવે છે, પરંતુ આજકાલ હવાના ફેરફારથી લોકો બાહરગામ વધારે રેહેવાનું પસંદ કરે છે તેથી ઘણાખરા ધર્મવાળાઓ પણ બાહેર રહે છે, અને કામકાજ માટે મુંબઇમાં આવ્યા વગર ચાલતું નથી તેથી રેલ્વેમાં બેસીને મુંબઇમાં આવે છે તેમાંથી કેટલાકો સમજે છે તે નાહી ધોઈ શુદ્ધ વસ્ત્ર પહેરી મંદિરમાં દર્શન કરવા આવે છે, અને બાકી ઘણા લોકો તે બાબતની અણસમજને લીધે નાહ્યા ધોયા વગર રેલ્વેવાળા કપડાંથીજ દર્શન કરવા આવે છે તેનો સંસર્ગ મંદિરમાં શાકઘર ફુલઘર સુધી પહોંચવાનો સંભવ છે માટે દર્શન કરવાનો ભાવ કરવા જતાં ઉલટું અપરાધમાં ન પડાય તેવી બાબતથી સદા સાવધ રહેવું.

મહાપ્રસાદ લીધા પછી કુટુંબયાત્રાના નિર્વાહ સારુ ગૃહસ્થોએ ઉદ્યમ કરવો. આ પણ એક ગૃહધર્મ છે. માટે ગૃહસ્થ વૈષ્ણવોએ પોતપોતાના ધર્મ પ્રમાણે પોતપોતાના વ્યાવહારિક ઉદ્યોગો, સત્યતા અને નીતિપૂર્વક કરવા. અસત્યતા અને અનીતિથી કરવા નહી.

સાયંકાલે વર્તવાનો વિધિ.

સાયંકાળે પણ જે વૈષ્ણવોને ત્યાં સ્વરૂપસેવા બિરાજતી હોય તેમણે શુદ્ધ જલથી સ્નાન કરી શુદ્ધ વસ્ત્ર ધારણ કરી શ્રીજીનું ચરણામૃત લઈ, પ્રથમ લખેલ વિધિ પ્રમાણે તિલકમુદ્રા વિગેરે ધારણ કરી ઉત્થાપનથી લઇ શયનપર્યંતની સેવામાં પ્રેમપૂર્વક પ્રવૃત્ત થવું. શયનભોગ ધર્યા પછી અથવા શયનઆરતી પછી શ્રીને પોઢાડી મંદિરનાં તાળાં મંગલ કરી પ્રેમ અને દીનતા પૂર્વક મંદિરને દંડવત્ કરી પછી જો બની શકે તો અષ્ટાક્ષરાદિ મંત્રોના જપ તથા નિત્યપાઠ પણ યથાશક્તિ કરવા.

જેને ત્યાં ચિત્રસેવા બિરાજતી હોય અને એકજ વખત સેવા બની શકે તેમ હોય તેણે સાયંકાલના સમયમાં જો બની શકે તો અષ્ટાક્ષરાદિ મંત્રોના જપ તથા યથાશક્તિ પાઠ કરવા.

સત્સંગ.

પછી પોતાના ગામમાં જો પુષ્ટિસંપ્રદાયનું ભગવન્મંદિર હોય તો ત્યાં, અથવા જ્યાં વૈષ્ણવમંડલી કે સત્સમાગમ થતો હોય ત્યાં વૈષ્ણવ બ્રાહ્મણના મુખેથી શ્રીમદ્ભાગવત, શ્રીસુબોધિનીજી, તત્ત્વદીપનિબંધ, ષોડશ ગ્રંથોની ટીકાઓ તથા શ્રીગુંસાંઇજી, શ્રીગોકુલનાથજી, શ્રીપુરુષોત્તમજી, તથા શ્રીહરિરાયજી આદિ ગોસ્વામી આચાર્યોના કરેલા સંસ્કૃત સિદ્ધાન્ત

ગ્રન્થોનું સારી રીતે ચિત્ત લગાડી શ્રવણ કરવું. જો સંસ્કૃત ગ્રંથો સંભળાવનાર ન મળે તો તે ગ્રંથોનાં ભાષાન્તરો તથા સંસ્કૃત ગ્રંથોના સિદ્ધાન્તથી અવિરુદ્ધ ભાષાગ્રંથો વાંચવા તથા સાંભળવા. વેદ, ગીતા, વ્યાસસૂત્ર, શ્રીમદ્ભાગવત આ પ્રસ્થાનચતુષ્ટય તથા બીજા પણ વૈષ્ણવ સિદ્ધાન્તથી અવિરુદ્ધ ગ્રંથોનું શ્રવણ કરવું.

જો પોતાના ગામમાં તેવો સત્સમાગમ કોઇ ઠેકાણે ન થતો હોય તો પોતાના ઘરમાં જ બધા કુટુંબિઓએ ભેગા મળી આગ્રહપૂર્વક સત્સમાગમ તથા ભગવત્કીર્તનો અવશ્ય કરવાં. એક દિવસ પણ ભગવત્કથા તથા કીર્તન વગરનો જવા દેવો નહીં.

આ સંસારના જન્મમરણરૂપ દુઃખથી છૂટવાનું તથા ભગવાનને પ્રાપ્ત થવાનું સાધન સત્સંગ જ છે. સર્વ શાસ્ત્રકારોએ સત્સંગ જ ભગવત્પ્રાપ્તિનું પ્રધાન સાધન જણાવેલું છે. જેમકે શ્રીમદ્ભાગવત એકાદશસ્કંધ અધ્યાય-૧૨-માં લખ્યું છે કે—

न रोधयति मां योगो न साङ्ख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा ॥ १ ॥
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः
यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् ॥ २ ॥

અર્થ-શ્રીભગવાન ઉદ્ધવજીને ઉપદેશ કરે છે કે, હે ઉદ્ધવ! સર્વસંગોને દૂર કરનારો ભગવદીયોનો સંગ જે પ્રમાણે મને વશ કરે છે તે પ્રમાણે યોગ, તત્ત્વવિચાર, ધર્મ, વેદાધ્યયન, તપશ્ચર્યા, સંન્યાસ, યજ્ઞ, વાવ કૂવા વગેરે જલાશયો ખોદાવવાં, દક્ષિણા, વ્રત, દેવપૂજા, મન્ત્ર, તીર્થ, નિયમ, અને યમ મને વશ કરી શકતાં નથી. સારાંશ કે સત્સંગ જ મને વશ કરી શકે છે.

વળી પણ કહ્યું છે કે—

तुलयाम लवेनापि न स्वर्गं नापुनर्भवम् ॥
भगवत्सङ्गिसङ्गस्य मर्त्यानां किमुताशिषः ॥ १ ॥

અર્થ-ભગવદીયના ક્ષણમાત્ર સંગથી થતા સુખ સાથે સ્વર્ગસુખની તથા મોક્ષસુખની તુલના કરી શકાતી નથી. તો પછી મનુષ્યોના રાજ્યાદિ ક્ષણિક સુખો તો શું? અર્થાત્ કાંઇ નહીં.

વળી શ્રીમદ્‌ભાગવત તૃતીયસ્કંધ અ. ૨૫ માં

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ॥
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

અર્થ—જીવને અન્યનો પ્રસંગ (બીજાનો સંગ) એક દઢ પાશ (ફાંસો) છે, એમ પંડિતો જાણે છે. પરંતુ તેજ સંગ જો સત્પુરુષો સાથે કરવામાં આવે તો તે મોક્ષને ઉત્પન્ન કરે છે.

માટે વૈષ્ણવોએ એક દિવસ પણ સત્સંગ સિવાયનો સર્વથા જવા દેવો નહીં. નારદપંચરાત્રમાં પણ કહ્યું છે કે—

तद्दिनं दुर्दिनं मन्ये मेघाच्छन्नं न दुर्दिनम् ॥
यद्दिनं कृष्णसंलापकथापीयूषवर्जितम् ॥ १ ॥

અર્થ—મેઘ (વાદળા)થી ઢંકાયલા દિવસને હું દુર્દિન (ખરાબ દિવસ) માનતો નથી. પરંતુ શ્રીકૃષ્ણના નામોચ્ચારણ સિવાયના તથા તેની કથારૂપ અમૃતપાન સિવાયના દિવસને હું દુર્દિન (ખરાબ દિવસ)માનું છું.

સારાંશ કે વૈષ્ણવોએ જેમ બને તેમ લૌકિક કાર્યથી નિવૃત્ત થઇ સત્સંગ કરવા માટે વિશેષ યત્ન રાખવો, અને દુઃસંગનો સર્વથા ત્યાગ જ કરવો.

શયન વિધિ.

આ પ્રમાણે રાત્રિનો પેહેલો પોહોર સત્સંગમાં વ્યતીત કર્યા પછી સૂતી વખતે હાથ પગ ધોઇ તેને પોંછી શ્રીજીનું ચરણામૃત લઇ જેટલું બની શકે તેટલું અષ્ટાક્ષરમંત્રનું ઉચ્ચારણ કરી અષ્ટછાપનાં તથા આશ્રયનાં કીર્તન વિગેરે બોલી શ્રીહરિસ્મરણ કરતાં શયન કરવું.

શયન સંબંધી કેટલીક જાણવા જેવી બાબતો.

સંધ્યાસમયે, અનાજના ઢગલા ઉપર, ગોશાલામાં, દેવ બ્રાહ્મણ તથા ગુરુના ઉપલા ભાગમાં—એટલે એનાથી ઉંચા સ્થાનમાં, ઉચ્છિષ્ટ સ્થિતિમાં, શ્મશાનને લગતા સ્થાનમાં એટલે સમાધિ પાવરિયા વિગેરે સ્થલોમાં, વલ્મીક (રાફડા) વાળી જગામાં, મ્હોટા ઝાડના મૂલમાં તથા નગ્ન અથવા મુક્તકચ્છથી શયન કરવું નહીં. પૂર્વ—પશ્ચિમ અથવા દક્ષિણ દિશા તરફ મસ્તક રાખી શયન કરવું. ઉત્તર દિશા તરફ મસ્તક રાખી સર્વથા શયન કરવું નહીં. શયનને માટે કાષ્ઠની શય્યા (પલંગ વિગેરે) ભાંગેલી અથવા ઘણી મોટી, વા પોતાના પ્રમાણથી નાની તથા જંતુ-

વાળી હોવી ન જોઈએ. ગૃહસ્થોને ઋતુકાલમાં[1] સ્ત્રી સમીપ જવાનું શાસ્ત્રમાં જણાવેલું છે. શરીરના અસ્વાસ્થ્ય (બેચેની) વિગેરેના કારણ સિવાય ઋતુકાલે સ્ત્રી સમીપ જો ન જવાય તો (પ્રત્યુત) દોષ કહ્યો છે. માટે ગૃહસ્થોએ ઋતુકાલમાં એકાદશી, અષ્ટમી, અમાવાસ્યા પૂર્ણિમા શ્રાદ્ધ વિગેરે વ્રત–તથા પર્વના દિવસોનો પરિત્યાગ કરી પોતાની ધર્મપત્નીર[2] સમીપ અવશ્ય જવું. વૈષ્ણવોએ ભગવદ્ભકત, સુલક્ષણવાળો પુત્ર ઉત્પન્ન થવાની ઇચ્છા રાખવી. પછી હાથ પગ ધોઈ તથા સોળ કોગળા કરી શ્રીહરિના સ્મરણપૂર્વક શ્રીજીનું ચરણામૃત લઈ સુખે શયન કરવું.

કર્મકાંડ સંબંધી વિશેષ જાણવા જેવી બાબતો.

શૂદ્રવૈષ્ણવોએ પણ ગર્ભાધાનાદિ સંસ્કારો શાસ્ત્રના વિધિ પ્રમાણે યોગ્ય સમયમાં અવશ્ય કરવા. કર્મનો નિયમ એવો છે કે શાસ્ત્રનો વિધિ એટલે ક્રિયા તથા શાસ્ત્રના વચનો આ બન્નેનો યથા યોગ્ય સંબંધ થવાથી જ દરેક કર્મ થયું કહેવાય છે. વિધિપૂર્વક કર્મ કરવાથી એક કોઇ અદૃષ્ટરૂપ ધર્મ પેદા થાય છે. તે જ તે તે કર્મનું ફલસમર્પક છે એમ સમજવું.

શૂદ્ર વૈષ્ણવોને વેદનો અધિકાર ન હોવાથી યજ્ઞોપવીતાદિ સંસ્કારો પુરાણવિધિથી કરવા, જેમકે કહ્યું છે કે:

नवैताः कर्णवेधान्ता मन्त्रवर्जक्रियाः स्त्रियः ॥
विवाहो मन्त्रतस्तस्याः शूद्रस्यामन्त्रतो दश ॥ १ ॥

तथा यमः–शूद्रोऽप्येवंविधः कार्यो विना मन्त्रेण संस्कृतः ॥

અર્થ–કર્ણવેધ સુધીના નવ સંસ્કારો વેદમંત્ર વિનાના બ્રાહ્મણ ક્ષત્રિય–વૈશ્યોની સ્ત્રિઓને કરવા. અને વિવાહ તો વર કન્યા બન્નેનો હોવાથી સમંત્રક મંત્રસહિત જ કરવો. અને શૂદ્રને તો કર્ણવેધાંત નવ સંસ્કારો તથા દશમો વિવાહસંસ્કાર પણ અમંત્રક (મંત્રવગરનો) કરવો. વળી, યમે પણ કહ્યું છે કે શૂદ્રને પણ એ પ્રમાણે મંત્રવગર–સંસ્કૃત કરવો.

शूद्रो वर्णचतुर्थोऽपि वर्णत्वाद्धर्ममर्हति ॥
वेदमन्त्रस्वधास्वाहावषट्कारादिभिर्विना ॥ १ ॥

---

૧ ઋતુના દિવસથી સોળરાત્રિ ઋતુકાલ કહેવાય છે. તેમાં પ્રથમ ચાર દિવસનો ત્યાગ કરવો.

૨ શાસ્ત્રવિધિથી પરણેલી સ્ત્રી.

અર્થ–ચાર વર્ણોમાંનો ચોથો વર્ણ હોવા છતાં પણ વર્ણપણાને લીધે શૂદ્ર વેદમંત્ર, સ્વધા, સ્વાહા અને વષટ્કાર વિગેરે વિના ધર્માચરણ કરવાને લાયક છે.

શુક્રશોણિતજન્ય (વીર્ય અને રુધિરથી પેદા થનાર) સ્થૂલ દેહની (શરીરની) શુદ્ધિ માટે અને ગૃહસ્થાશ્રમની સિદ્ધિ માટે શૂદ્રોને પણ શાસ્ત્રમાં દશ સંસ્કારો કરવા કહ્યા છે. તે સંસ્કારોનાં નામ તથા કારણ સંક્ષેપમાં આ પ્રમાણે સમજવાં–

૧–પ્રથમ ક્ષેત્રશુદ્ધિ માટે "ગર્ભાધાન સંસ્કાર." ૨–ગર્ભ રહ્યા પછી ત્રીજે મહીને ગર્ભમાં પરાક્રમ સ્થાપવા સારુ "પુંસવન સંસ્કાર." ૩–ગર્ભ રહ્યા પછી ચોથે, છઠ્ઠે કે આઠમે મહીને ગર્ભિણી તથા તેના ગર્ભની શુદ્ધિ માટે "સીમંતોન્નયન સંસ્કાર." ૪–બાલકના જન્મને જ દિવસે ગર્ભાંબુપાનજનિત દોષની નિવૃત્તિ માટે "જાતકર્મ સંસ્કાર." ૫–બાલકના જન્મદિવસથી બારમે દિવસે એટલે જનનાશૌચ ઉતર્યા પછી કોઇ પણ શુભ દિવસ જોઇ બાલકના આયુસ્તેજની વૃદ્ધિ સારુ તથા વ્યવહારની સિદ્ધિ સારુ "નામકરણ સંસ્કાર." ૬–તે પછી બાલકના જન્મદિવસથી ચોથે મહીને અથવા પોતપોતાના કુલાચાર પ્રમાણે કોઇ પણ શુભ દિવસ જોઇ આયુષ્ય તથા શ્રીની વૃદ્ધિ થવા માટે "નિષ્ક્રમણ સંસ્કાર." ૭–પછી બાલકના જન્મથી છઠ્ઠે મહીને અથવા પોતપોતાના કુલાચારની રીતે કોઇ પણ શુભ દિવસ જોઇ માતૃભુક્તાન્નદ્વારા ગર્ભમાં જે અશુદ્ધ રસાદિથી પોષણ થાય છે તેની શુદ્ધિ સારુ "અન્નપ્રાશન સંસ્કાર." ૮–પછી બાલકના જન્મથી ત્રીજે વર્ષે અથવા પાંચમે વર્ષે પોતપોતાના કુલાચાર પ્રમાણે કોઇ પણ શુભ દિવસ જોઇ આયુષ્ય, બલ અને તેજની વૃદ્ધિ સારુ "ચૌલ સંસ્કાર." ૯–ત્યાર પછી છઠ્ઠે, સાતમે. આઠમે અથવા વર્ષ દિવસે આયુષ્ય તથા શ્રીની વૃદ્ધિ સારું "કર્ણવેધ." ૧૦–ત્યારપછી ગૃહસ્થાશ્રમની સિદ્ધિ સારુ દશમો વિવાહ સંસ્કાર કરવો.

આ ઉપર લખેલા દશ સંસ્કારો શૂદ્રવર્ણને વાજસનેયી શાખાના વિધિ પ્રમાણે વેદના મંત્ર વગર પુરાણના શ્લોકોથી "શૂદ્રકમલાકર" વિગેરે ગ્રંથોમાં શૂદ્ર કર્મનો વિધિ લખ્યો છે તદનુસારે કરવા.

શાસ્ત્રમાં બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ આમ ચાર આશ્રમ કહ્યા છે. આશ્રમ એટલે એક પ્રકારની સ્થિતિ. અર્થાત્ આયુષ્યના ચાર વિભાગ કરી એક એકમાં એક એક સ્થિતિથી રેહેવું. તે ચાર

આશ્રમમાંથી શૂદ્રને તો એક ગૃહસ્થાશ્રમની જ યોગ્યતા છે. તે માટે મહાભારતમાં કહ્યું છે કે-

चत्वार आश्रमाश्चैव ब्राह्मणस्य प्रकीर्तिताः ।
गार्हस्थ्यं ब्रह्मचर्यञ्च वानप्रस्थन्तु भिक्षुकम् ॥
क्षत्रिये चापि कथिता आश्रमास्त्रय एव हि ॥
ब्रह्मचर्यञ्च गार्हस्थ्यमाश्रमद्वितयं विशः ॥
गार्हस्थ्यमुचितं त्वेकं शूद्रस्य क्षणमावहत् ॥

અર્થ—બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય વાનપ્રસ્થ અને સંન્યાસ, આ ચાર આશ્રમ બ્રાહ્મણને કહ્યા છે. ક્ષત્રિયને ત્રણ, વૈશ્યને બે, અને શૂદ્રને એક.

માટે શૂદ્રવૈષ્ણવોએ પ્રથમ અવસ્થામાં સોળ વર્ષ સુધી બ્રહ્મચર્ય રાખી તે પછી પુરાણવિધિથી વિવાહ કરવો. વિવાહમાં કન્યા તથા વરનાં લક્ષણો આ પ્રમાણે સમજવાં. પોતપોતાના વર્ણની (જાતિની) શાસ્ત્રોક્ત શુભ લક્ષણવાળી, વરના વયથી (અવસ્થાથી) તથા પ્રમાણથી નાની, બીજા પુરુષના દાન (વેશવાળ) તથા ઉપભોગથી રહિત, અસપિંડા—અર્થાત્ વરના પિતૃકુળથી સાત પુરુષની (સાત પેઢીની) અંદરની ન હોવી જોઇએ તથા માતૃકુલથી પાંચ પુરુષની (પાંચ પેઢી) અંદરની દૌહિત્રી કે ભાણજી ન હોવી જોઇએ. અને વરનાં લક્ષણો નીચે પ્રમાણે હોવાં જોઇએ. ઉભયકુલશુદ્ધ—એટલે માતાના તથા પિતાના કુલથી શુદ્ધ અર્થાત્ ઉત્તમ કુલવાળો—કન્યાની અવસ્થાથી તથા પ્રમાણથી મોટો, અર્થાત્ બમણી અથવા ડોઢી ઉમ્મરવાળો હોવો જોઇએ. તેથી ન્હાનો અથવા ઘણો મોટો પણ હોવો ન જોઇએ. નપુંસકાદિ રોગરહિત, વિદ્યાવાળો, સારાકુટુંબવાળો, તથા સ્વભાવથી પણ સારો હોવો જોઇએ. આવા લક્ષણવાળા વરની સાથે પૂર્વોક્ત લક્ષણવાળી કન્યાનો વિવાહ જ્યોતિઃ શાસ્ત્રની રીતે વરકન્યાની જન્મપત્રીથી ગ્રહો મેળવી શુભમુહૂર્તમાં પુરાણવિધિથી કરવો.

ધર્મશાસ્ત્રકારોએ વરકન્યાના વયનું પ્રમાણ ઘણું કરીને આ પ્રમાણે કહ્યું છે—ત્રીશ વર્ષનો વર બાર વર્ષની કન્યા સાથે, ચોવીશ વર્ષનો વર આઠ વર્ષની કન્યા સાથે પરણે. પરંતુ હાલનો સમય જોતાં તે વધારે પડતું દેખાય છે. વર્તમાન સમયમાં પણ કન્યાના વયનો નિયમ તો આઠથી બાર સુધીનો જે શાસ્ત્રકારોએ કહ્યો છે તે યુક્ત જ છે. મુખ્યમાં કન્યાને વાસ્તે તો ઉક્ત સમયમાં કન્યાનું શારીરિક બલાબલ જોઇ ઋતુ-

કાલથી પૂર્વજ વિવાહ કરવો ઉત્તમ છે. પરંતુ વરનો વિવાહ તો વર્તમાનકાલના હિસાબે પણ સોળ વર્ષની વયમાં આઠ વર્ષની કન્યા સાથે અને અઢાર વર્ષના વયમાં બાર વર્ષની કન્યા સાથે કરવો વધારે યોગ્ય દેખાય છે.

આર્યશાસ્ત્રોક્ત વિવાહ કેવલ સંતાનોત્પત્તિ માટે, અથવા અન્યોન્યના ભરણપોષણની જ વ્યવસ્થા માટે. કે વિષયાદિક સુખો માટે જ નથી, કિંતુ શાસ્ત્ર રીતે વિવાહસંસ્કારદ્વારા સ્ત્રીપુરુષનો એકાત્મભાવ કરી પરસ્પર ધર્મસિદ્ધિ કરવા માટે જ છે. ગૃહસ્થાશ્રમદ્વારા ધર્મ–અર્થ–અને કામ આ ત્રિવર્ગનું સાધન કરતાં ઉત્તરોત્તર પરમપુરુષાર્થરૂપ મોક્ષ સુધીનો લાભ થઇ શકે છે. કારણ કે મોક્ષના પ્રતિબંધી કામદોષને જીતવા સારુ ગૃહસ્થાશ્રમ એ એક દુર્ગ (કિલ્લો) છે.

જુઓ, કેવી આશ્ચર્યની વાત છે કે, એક કુલ તથા ગોત્રના વર તથા બીજા કુલ અને ગોત્રની કન્યા વચ્ચે પરસ્પર આજન્મ (જીવન પર્યંત) એવો એક નિત્ય સંબંધ થઇ જાય છે કે, તે કન્યા વરની અર્ધાંગના બની જાય છે. એ કેવલ શાસ્ત્રવિધિનો જ ચમત્કાર છે કે, તે કન્યા પોતાના પિતાનું ગોત્ર છોડી પતિના ગોત્રવાળી થઇ જાય છે. પરંતુ હાલનો સમય જોતાં દરેક દેશોમાં વિધિના વિષયમાં વિશેષ કરીને યજમાન તથા આચાર્યની પ્રાયઃશિથિલતા જોવામાં આવે છે. માટે યજમાને શાસ્ત્રવિધિના આગ્રહી જ થવું જોઇએ. અને આચાર્ય એટલે કર્મ કરાવનાર સારી પેઠે કર્મકાંડના વિધિનો જાણનારો હોવો જોઇએ.

વર્તમાન સમયમાં શૂદ્ર લોકો વિવાહ વખતે વરકન્યાની અવસ્થા ઉપર દૃષ્ટિ રાખતા નથી એ ઘણી જ શોચનીય બીના છે. જ્યાં સુધી વરકન્યા યોગ્ય ઉમરનાં થયાં ન હોય ત્યાં સુધીમાં વિવાહ કરવો તે વરકન્યાની તથા તેની પ્રજાને હાનિ કરવા સમાન છે. માટે કન્યા યોગ્ય ઉમરની થયે (તથા હવે વધારે રોકવાથી ઋતુ આવશે એમ જાણવામાં આવે ત્યારે) તેનો વિવાહ કરવો જોઇએ. અને તે વિવાહ કન્યાથી સાત આઠ વર્ષે મોટી ઉમરના વર સાથે કરવો જોઇએ.

શૂદ્રોએ ઉત્તરક્રિયા પણ પુરાણના શ્લોકોથી 'શૂદ્રકમલાકરા'દિ ગ્રંથોમાં બતાવેલા વિધિ પ્રમાણે કરવી.

શૂદ્ર ગૃહસ્થોએ વર્ષમાં બે વાર શ્રાદ્ધ અવશ્ય કરવાં. એક તો માતા અથવા પિતાનું, જે માસની જે તિથિમાં મરણ થયું હોય તે માસની

તે જ તિથિયે એકોદ્દિષ્ટરીતે.[1] અને બીજું શ્રાદ્ધપક્ષમાં પિતાની જે ક્ષય-તિથિ હોય તે જ તિથિમાં મહાલયની[2] રીતે. શ્રાદ્ધ, પુરાણના શ્લોકોથી શૂદ્રકમલાકરાદિ ગ્રંથોમાં બતાવેલા વિધિ પ્રમાણે કરવાં.

ભક્તિમાર્ગસંબંધી વિશેષ જાણવાલાયક બાબતો.

ભક્તિની સિદ્ધિ માટે ભક્તિમાર્ગીય મંત્રની દીક્ષા[3] (મંત્રોપદેશ) લેવાની અત્યાવશ્યકતા છે. કારણ કે દીક્ષા (મંત્રોપદેશ) વિના ભક્તિની સિદ્ધિ થતી નથી. જેમકે "મંત્રસાર" ગ્રંથમાં કહ્યું છે કે—

दीक्षिताय विशेषेण प्रसीदेन्नान्यथा हरिः ॥
ब्राह्मणः क्षत्रियो वाऽपि वैश्यः शूद्रोऽथवा पुनः ॥ १ ॥
एवं स्त्रियो वा यत्नेन गुरुमेव समाश्रयेत् ॥

અર્થ—દીક્ષા (મંત્રોપદેશ) ગ્રહણ કરનારને વિશેષે કરી શ્રી હરિ પ્રસન્ન થાય છે. અન્યથા (મંત્રોપદેશ વિના) શ્રી હરિ પ્રસન્ન થતા નથી. માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્રોએ, તેમ જ સ્ત્રીઓએ પણ પ્રયત્નપૂર્વક ગુરુમંત્રોપદેશ ગ્રહણ કરવો. દીક્ષા (ઉપદેશ) વગર રહેનારાને શાસ્ત્રમાં દોષ કહ્યો છે. જેમ કે—

अदीक्षितस्य वामोरु ! कृतं सर्वमनर्थकम् ॥
पशुयोनिमवाप्नोति दीक्षाहीनो नरो मृतः ॥ १ ॥

અર્થ—દીક્ષાહીન પુરુષનાં કરેલાં સર્વ સત્કર્મો નિષ્ફલ થાય છે. અને દીક્ષા વગરનો મનુષ્ય મરે તો પશુયોનિને પ્રાપ્ત થાય છે.

દીક્ષા ગુરુ પાસે લેવાની હોય છે. માટે મંત્રોપદેશરૂપ દીક્ષા કેવા ગુરુ પાસેથી લેવી તે પ્રથમ જાણવાની આવશ્યકતા છે. તે વિષય

૧—એકનો ઉદ્દેશ કરી શ્રાદ્ધ કરવું તે—૨—ચૌદશ—તથા પુનેમ જેમની મરણ તિથિ હોય તે માણસનું મહાલય શ્રાદ્ધ અષ્ટમી—દ્વાદશી—અમાવાસ્યા—અથવા વ્યતીપાતને દિવસે કરવું. કેમ કે પુનેમ શ્રાદ્ધપક્ષમાં નથી. અને ચતુર્દશીતિથિ ઘાતિકની હોવાથી ચતુર્દશી પણ જેની મરણ તિથિ હોય, તેણે પણ અષ્ટમી—દ્વાદશી—અમાવાસ્યા અને વ્યતીપાત આ દિવસોમાંથી કોઇ પણ દિવસોમાં શ્રાદ્ધ કરવું. કારણ કે પૂર્ણિમા શ્રાદ્ધ પક્ષમાં નથી જ.

૩—મંત્રમાર્ગાનુસાર દીક્ષાનું ગ્રહણ કરવું દુઃસાધ્ય છે.તેથી જ કહ્યું છે કે "युगे युगे तु दीक्षा स्यादुपदेशः कलौ युगे" માટે કલિયુગમાં તો ઉપદેશની રીતે ગુરુથી મંત્રનું ગ્રહણ યુક્ત છે.

ઉપર શ્રીઆચાર્યચરણોએ તત્ત્વદીપનિબંધમાં આ પ્રમાણે આજ્ઞા કરેલી છે કે—

कृष्णसेवापरं वीक्ष्य दंभादिरहितं नरम् ॥
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुगादरात् ॥ १ ॥

અર્થ-શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ, દંભાદિ (કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર-(વિગેરે)થી રહિત, શ્રીભાગવતના તત્ત્વને જાણનાર એવા લક્ષણવાળા ગુરુપાસેથી શિષ્યે આદરપૂર્વક મંત્રોપદેશ ગ્રહણ કરવો. "તે ગુરુ બ્રાહ્મણ કુલના અને સત્સંપ્રદાયવાળા હોવા જોઇએ."

મુમુક્ષુ પુરુષોને ભવસાગરથી તરવા માટે ભગવાને પોતાની આજ્ઞા-રૂપ વેદાદિશાસ્ત્રમાં કર્મ જ્ઞાન અને ભક્તિ આ ત્રણ જ ઉપાયો ઉપદેશેલા છે. જેમ શ્રીમદ્ભાગવત એકાદશસ્કંધ અધ્યા૦ ૨૦ શ્લો૦ ૬ ફો.

योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयोविधित्सया ॥
ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कुत्रचित् ॥ १ ॥

અર્થ-શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને ઉપદેશ કરે છે કે હે ઉદ્ધવ! "મનુષ્યોનાં કલ્યાણ કરવા માટે અમે ત્રણ ઉપાયો કહ્યા છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ. એ સિવાય અન્ય કોઇ પણ ઉપાય શાસ્ત્રમાં નથી.

આ ત્રણે ઉપાયોમાંથી જો કે કર્મ શ્રેયનું સાક્ષાત્ સાધન નથી. તથાપિ નિષ્કામપણે કરતાં તે કર્મ પણ જ્ઞાન અથવા ભક્તિદ્વારા પરંપરાથી મોક્ષનું સાધન થઇ શકે છે. તેથી જ અહીં કર્મને પણ શ્રેય (મોક્ષ)નું સાધન કહેલું છે. અને જ્ઞાન તથા ભક્તિ બીજાના સહાયની અપેક્ષા ન રાખતાં મોક્ષનાં સાક્ષાત્ સાધનો કહ્યાં છે. અને તે ઠેકાણે જ કર્મ-જ્ઞાન અને ભક્તિના અધિકારીઓ પણ જુદા જુદા કહ્યા છે. જેમકે "જેને આ લોકનાં રાજ્યાદિ તથા પરલોકનાં સ્વર્ગાદિ સુખોમાં પણ દુઃખબુદ્ધિ છે, તેવા વિરક્ત પુરુષો જ્ઞાનના અધિકારીઓ છે." અને "જેને આ લોકનાં તથા પરલોકનાં સ્વર્ગાદિ સુખોની ઇચ્છા છે" તેવા સકામ પુરુષો કર્મના અધિકારીઓ છે. તથા જેને ભગવત્કથા શ્રવણાદિ નવધા ભક્તિ કરવાનો પ્રેમ છે, તથા વૈષયિક સુખોમાં અતિશય પ્રેમ નથી તેમ જ તદ્દન વિરક્તતા પણ નથી, એવા પુરુષો ભક્તિના અધિ-કારીઓ છે, એમ સમજવું." હાલ કલિકાલના સમયમાં જ્ઞાનયોગના અધિકારી તો કોઇક જ હશે. વિશેષે કરીને તો ભક્તિમાર્ગના અધિકારી-

ઓ જ જોવામાં આવે છે. તેથી આવા સમયમાં મુમુક્ષુ પુરુષોએ ભક્તિમાર્ગનો જ આશ્રય લેવો ઉત્તમ છે. અને તે માટે પ્રથમ ભક્તિના લક્ષણને જાણવાની આવશ્યક્તા છે. ભક્તિનું લક્ષણ શ્રીઆચાર્યચરણોએ નારદપંચરાત્રમાંથી ઉધ્ધૃત કરી તત્ત્વદીપનિબંધમાં આ પ્રમાણે આજ્ઞા કરેલું છે કેઃ—

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ॥
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥ १ ॥

અર્થ—"માહાત્મ્યજ્ઞાનપૂર્વક, સારી રીતે દૃઢ, સર્વથી અધિક એવા શ્રીકૃષ્ણ વિષયક સ્નેહનું નામ ભક્તિ છે, અને તે ભક્તિથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. બીજી રીતે નહિ." તે ભક્તિ બે પ્રકારની છે. એક સાધનરૂપા, અને બીજી ફલરૂપા. સાધનરૂપા શ્રવણાદિ નવધા ભક્તિનું ભગવત્સેવાદ્વારા વારંવાર અનુષ્ઠાન કરવાથી ફલરૂપા પ્રેમલક્ષણા માનસી ભક્તિની સિદ્ધિ થાય છે. તેથી જ્યાં સુધી ફલરૂપા માનસી ભક્તિની સિદ્ધિ થઈ નથી ત્યાં સુધી અને તે પછી પણ નવધા ભક્તિ કરતાં રહેવું, અને નિષિદ્ધ કર્મોના ત્યાગપૂર્વક વર્ણાશ્રમપ્રયુક્ત વેદવિહિત, નિત્યનૈમિત્તિક કર્મોનું નિષ્કામપણાથી અનુષ્ઠાન (આચરણ) કરતાં રહેવું. કેવલ ભક્તિમાર્ગનાં અભિમાનમાત્રથી જ નિત્ય નૈમિત્તિક વૈદિક કર્મોનો સાધનાવસ્થામાં ત્યાગ કરી દેવો નહીં. આ પ્રકારે સાધનરૂપ નવધા ભક્તિના પુનઃ પુનઃ આવર્તનથી પૂર્ણ રીતે ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય છે કે, "આ જગતના સૃષ્ટ્યાદિકર્તા ભગવાન્ છે, અને જગતરૂપ પણ પોતે જ છે, હું પણ ભગવાનનો અંશરૂપ હોઇ સહજ દાસ છું, તથા ભગવાન્ મારા અંશી–સ્વામી–છે" એવા જ્ઞાનપૂર્વક પ્રભુની સેવા કરવાથી શ્રવણાદિ સાધનરૂપા ભક્તિ ફલરૂપા માનસી પ્રેમલક્ષણા ભક્તિને ઉત્પન્ન કરે છે. અને તે પ્રેમલક્ષણા ભક્તિ ઉત્પન્ન થવાથી સાધનરૂપ નવધાભકિત પણ ફલરૂપ થઇ જાય છે. આ પ્રમાણે ફલરૂપા પરાભકિત પ્રાપ્ત થવાથી આધિભૌતિક–આધ્યાત્મિક અને આધિદૈવિક–આ ત્રણે દુઃખોની નિવૃત્તિ થઈ જીવને પરમાનંદાવાપ્તિ અર્થાત્ ભગવત્પ્રાપ્તિરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી જ વેદાદિશાસ્ત્રપ્રતિપાદ્ય અનાદિસિદ્ધ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના પુષ્ટિભકિત સંપ્રદાયમાં ભકિતની સિદ્ધિમાટે શરણ તથા નિવેદન આ બે મંત્રોનો ઉપદેશ આપવામાં આવે છે.

શરણમંત્રોપદેશ—વૈષ્ણવોએ ભકિતની સિદ્ધિમાટે પ્રથમ શરણમંત્ર એટલે અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ ગ્રહણ કરવો, કારણ કે મુમુક્ષુ પુરુષને

આ ભવસાગરથી તરવા માટે ભકિતમાર્ગની રીતે પ્રથમ શ્રીહરિની શરણુભાવના કરવી આવશ્યક છે. જેમકે શ્વેતાશ્વતર ઉપનિષદ્માં કહ્યું છે કે–"જે પરમાત્મા આ સૃષ્ટિના આરંભમાં બ્રહ્માને ઉત્પન્ન કરે છે, અને તેને વેદનો ઉપદેશ કરે છે તે, અમારી બુદ્ધિના પ્રકાશક દેવને મોક્ષની ઇચ્છાવાળો હું શરણુપ્રાપ્ત થાઉં છું." તેમ જ શ્રીમદ્ભગવદ્ગીતા–અધ્યાય–૧૮ શ્લોક–૬૬ માં કહ્યું છે કે—

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ॥
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ १ ॥

અર્થ–"હે અર્જુન! સર્વધર્મોનો પરિત્યાગ કરી અનન્ય ભાવપૂર્વક મને એકને શરણુ પ્રાપ્ત થા, હું તને સર્વ પાપોથી મુકત કરીશ–શોક ના કર." શરણમંત્રનો ઉપદેશ લેવાથી નવધા ભકિતમાંથી શ્રવણુ, કીર્તન, સ્મરણુ, પાદસેવન, અર્ચન, વન્દન અને દાસ્ય આ સાત પ્રકારની ભકિત કરવાનો અધિકાર જીવને પ્રાપ્ત થાય છે. માટે વૈષ્ણવોએ શરણમંત્રોપદેશ અવશ્ય લેવો. તે શરણુભાવનાની દૃઢતા કરવા સારુ ઉપર લખેલી સાતે ભકિતનું પ્રેમપૂર્વક સર્વદા અનુષ્ઠાન કરતા રહેવું.

'સખ્ય' તથા 'આત્મનિવેદન' આ બે પ્રકારની ભકિતનું દાન જીવને પ્રભુ પોતાના અનુગ્રહથી જ કરે છે. જેમ ઉપનયન સંસ્કાર કરવાથી દ્વિજને વૈદિક કર્મ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. તેમ જ નિવેદનમંત્રોપદેશદ્વારા તદીયત્વભાવના થવાથી ભગવત્સેવા કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. માટે અહંતામમતાની નિવૃત્તિદ્વારા ભગવત્સેવારૂપ સ્વધર્મની સિદ્ધિ માટે ગુરુદ્વારા નિવેદનમંત્રનો ઉપદેશ અવશ્ય લેવો જોઇએ.

આત્મનિવેદનમંત્રોપદેશ–'સ્થૂલ સૂક્ષ્મ દેહથી ભિન્ન આ જીવ પરબ્રહ્મનો અંશ છે, સૃષ્ટિના આરંભમાં જ ભગવદિચ્છાથી અંશીથી અંશરૂપ જીવ અગ્નિમાંથી તણખા જેમ નીકળે છે તેમ ઉત્પન્ન થાય છે, તેને અવિદ્યાશકિતથી અહંતામમતાત્મક બંધ થાય છે, તેથી જ જન્મમરણાદિ સંસારરૂપ દુઃખને ભોગવે છે' એ જ સર્વ શાસ્ત્રનો આશય છે. એ અવિદ્યાના બંધમાંથી મુકત થવાના શાસ્ત્રકારોએ ભિન્ન ભિન્ન ઉપાયો પોતપોતાની યુકિત તથા પ્રમાણોદ્વારા પ્રતિપાદન કરેલા છે. પરંતુ ભકિતમાર્ગમાં તે બંધથી મુકત થવા સારુ વેદ, ગીતા તથા શ્રીભાગવતાદિ આર્ષ ગ્રન્થનિર્ણીત આત્મનિવેદન ઉપાય કહ્યો છે.

બૃહદારણ્યક ઉપનિષદ્‌ના અધ્યાય ૪ થાના બ્રાહ્મણ ૫ માં મધુવિદ્યાન્તર્ગત स' वा अयमात्मा એ શ્રુતિમાં આ ઉપાય ઉપદિષ્ટ છે. આ શ્રુતિમાં પ્રથમ भूत શબ્દનો અર્થ પંચમહાભૂત (પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ) સમજવો. આ સમસ્ત જગત્ પંચમહાભૂતમય છે. તેથી ભૂતશબ્દે કરીને સંપૂર્ણ જગતનું ગ્રહણ થાય છે. આ ઉપરથી ફલિતાર્થ એ થાય છે કે તે ભગવાન્ (પરમાત્મા) સર્વ સદ્રૂપ જગત્‌ના અધિષ્ઠાતા છે. અને सर्वेषां भूतानां राजा આ વાકયમાં 'ભૂત'શબ્દનો અર્થ સ્થૂલસૂક્ષ્મદેહવિશિષ્ટ જીવ છે. ભૂતશબ્દનો અર્થ જીવ બીજી શ્રુતિઓમાં પણ પ્રસિદ્ધ છે. જેમ કે, "माहिंस्यात्सर्वाभूतानि" ઇત્યાદિ. તાત્પર્ય કે, તે પરમાત્મા જ આ સર્વ જીવોના રાજા છે એટલે કે સર્વ જીવોના અધિષ્ઠાતા તથા અનુગ્રહીતા છે. આ ઉપરથી સમજવાનું કે, જેમ ભગવાનનું જીવ ઉપર અધ્યક્ષપણું રક્ષકપણું અને કૃપાલુપણું આદિ ધર્મ છે. તેમ જ જીવને પણ ભગવાનની સાથે ધર્મ રાખવો ઉચિત છે. જેમ પ્રજાનો રાજા સાથે સંબંધ દેખાય છે. પ્રજા પોતાના અધ્યક્ષ રાજાને પાલક સમજી તે ઉપર સ્વામીપણાની ભાવના રાખે છે, તે જ પ્રમાણે જીવે પણ પ્રભુમાં પોતાના સ્વામીપણાનો ભાવ રાખી શરણાગત થવું એ તેનો પ્રધાન ધર્મ છે. જેમ રથનાં પઇડાંના બધા આરાઓ, મધ્યભાગ નાભી તથા નેમિ–રથના પૈડાના પરિધ–ફરતા ઘેરમાં બરોબર નાંખેલા હોય છે, તેમ ભગવાનમાં સર્વ પ્રાણ, લોક, સર્વ દેવ, સર્વ ભૂત તથા સર્વ આત્મા સમર્પિત છે." આ પ્રમાણે ઉપરની શ્રુતિનો અર્થ છે. બીજું પણ જણાવવાનું કે રથના ચક્રનો નેમિ તથા રથના ચક્રનો નાભિ આ બન્ને સાથે આરાઓ જેમ સમર્પિત રહ્યા છે, તદ્વત, પ્રાણ આત્મા વિગેરે સર્વનો પરબ્રહ્મમાં જ વિનિયોગ રહે છે. તેથી આ શ્રુતિમાં કહેલો અર્થ તેવી રીતનાં અનુસંધાન માટે છે. અર્થાત્ જેવો આ શ્રુતિનો અર્થ છે તેવી જાતનું નિરંતર અનુસંધાન કરતાં રહેવું. આ શ્રુતિના અર્થથી ફલિતાર્થ એમ સમજવો જોઇએ કે, પ્રાણથી લઇને આત્માપર્યંત સર્વમાં ભગવદીયપણાની બુદ્ધિ રાખવી એ જ જીવનો સ્વધર્મ છે. 'આ સર્વ પદાર્થો ભગવાનને અર્પણ કર્યા છે' અને 'હું સ્વયં પણ ભગવાનમાં અર્પિત છું,' આવી રીતનું દૃઢનિયમપૂર્વક સ્મરણ

---

१ सवा अयमात्मा सर्वेषां भूतानामधिपतिः सर्वेषां भूताना ँ राजा तद्यथा रथनाभौ रथनेमौ चाराः सर्वे समर्पिता एवमित्यादि. ।

રાખવું. આ પ્રમાણે વેદનો સિદ્ધાંત છે. આ જ સિદ્ધાન્ત આપણા સંપ્રદાયમાં પણ મનાતો હોવાથી એ જ અભિપ્રાયથી બ્રહ્મસંબંધ કે આત્મનિવેદન મંત્ર પુષ્ટિસંપ્રદાયમાં કહ્યો છે. તેથી જ શ્રીગીતાજીમાં પણ અધ્યાય ૯ શ્લોક ૨૭ માં કહ્યું છે કે-

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ॥

यत्तपस्यसि कौन्तेय ! तत्कुरुष्व मदर्पणम् ॥

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ॥

અર્થ-શ્રીકૃષ્ણ અર્જુનને ઉપદેશ કરે છે કે, હે કુંતીપુત્ર! તું જે કાંઇ કાર્ય કરે છે, જે કાંઇ ભક્ષણ કરે છે, જે કાંઇ અગ્નિમાં હોમ કરે છે, જે કાંઇ દાન કરે છે, જે કાંઇ તપ કરે છે, તે સર્વ મને અર્પણ કર, તેમ કરવાથી શુભ અને અશુભ ફલવાળાં કર્મનાં બંધનોથી તું મુક્ત થઇશ.

તેમજ શ્રીમદ્ભાગવત એકાદશસ્કંધમાં પણ ચાર ઠેકાણે નિવેદનનું સ્વરૂપ કહ્યું છે-

આત્મનિવેદન-એટલે પોતાપણાનું નિવેદન. અર્થાત્ આ જગત્ના યાવત્ પદાર્થો ભગવાને પોતાની લીલા માટે જ બનાવેલા છે, અને તે બધા ભગવદ્રૂપ છે, એમાં અવિદ્યાના સંબંધથી જીવે દેહમાં અહંતા (હુંપણું) અને દેહના સંબંધી દારાગારાદિ (સ્ત્રી ઘર વિગેરે) પદાર્થોમાં મમતા માનેલી છે, અને તેને લઇને જ એ જીવ પોતાને અનુકૂલ પદાર્થોમાં રાગ અને પ્રતિકૂલ પદાર્થોમાં દ્વેષ કરે છે. તે અહન્તા મમતાને શ્રીગુરુના ઉપદેશદ્વારા શ્રીહરિને અર્પણ કરે. જગતના યાવત્પદાર્થોમાં ભગવદીયત્વ ભાવના કરે, એટલે હું અને યાવત્પદાર્થો ભગવાનના જ છે, એવી જાતની ભાવના જ આત્મનિવેદનનો અભિપ્રાય છે. જન્મજન્માંતરથી બંધાયેલી અહંતામમતાનું એકાએક છૂટી જવું સંભવતું નથી તેથી, તેનું પરિવર્તન કરવું જ શક્ય હોવાથી તેવી ભાવના જેમ દૃઢ થાય તે સારુ દેહમાં માની રાખેલી અહંતાને બદલાવી નાંખી અર્થાત્ શુદ્ધ ભગવદંશ જીવમાં દાસપણે અહંતા રાખી અને વૈષયિક પદાર્થોમાં મમતાનો સંબંધ માની રાખ્યો છે તેને છોડી તેને આનંદઘન શ્રીપ્રભુમાં લગાડવી. જેમ કે "પ્રભુ મારા છે, અને હું પ્રભુનો છું" આવી રીતે અહંતા મમતાનું પરિવર્તન કરી શ્રીપ્રભુની સેવા કરવાથી યાવત્પદાર્થોમાંથી અહંતા-મમતાની નિવૃત્તિ થઇ પુરુષોત્તમપ્રાપ્તિરૂપ મોક્ષફલ થાય છે.

પ્રથમ, મંત્રોપદેશદ્વારા પ્રતિજ્ઞારૂપ નિવેદન કર્યા પછી તેનો કાયિક, વાચિક તથા માનસિક અભ્યાસ આ પ્રમાણે કરતાં રહેવું જોઈએ.

કાયિક—કોઈ પણ પદાર્થને પ્રથમ શ્રીપ્રભુને નિવેદન કરી ભગવદ્દત્ત પ્રસાદ ભાવનાથી જ તેને ગ્રહણ કરવો, અને જે અન્નફલાદિ શ્રીને ભોગ ધરાવવા માટે હોય તે બધું પરમ પવિત્રતાથી સિદ્ધ કરી અર્પણ કરવું. તેવી જ રીતે પોતે સામગ્રી લાવવી, સિદ્ધ કરવી, તથા શ્રીને સમર્પવી ઇત્યાદિ કાયિકવ્યાપારસાધ્યસેવાનું શ્રીહરિમાં નિવેદન કરવું તે કાયિક નિવેદન છે.

વાચિક—જે પ્રકારથી જે પદાર્થોનું કાયિક નિવેદન કરાય છે, તે નિવેદન કરતાં નિસ્સાધન થઈ પરમ દીનતાપૂર્વક શ્રીને અંગીકાર કરવાની પ્રાર્થના કરવી, સેવા કરતાં પોતાના મુખથી મંત્ર અથવા સેવા-પદ્ધતિના શ્લોકો તથા સેવાનાં તે તે સમયનાં અષ્ટછાપ વિગેરે ભગવદીયોનાં કીર્તન ઉચ્ચારવાં, શુદ્ધાનુરાગપૂર્વક બીજા પણ મંત્ર અથવા સ્તોત્ર પાઠાદિથી શ્રીહરિની સ્તુતિ કરવી વગેરે વાચિક વ્યાપાર સાધ્ય-કાર્યોને પ્રભુમાં—ચરિતાર્થ કરવાં, એ વાચિક નિવેદન છે.

માનસિક—જે જે કાયિક તથા વાચિક નિવેદન કરાય છે તે સાથે મનથી શુદ્ધાનુરાગ તથા દીનતાપૂર્વક શ્રીપ્રભુને અંગીકાર કરવાની ભાવના કરવી, અને પોતાના યાવત્પદાર્થોમાં તદીયત્વની જ ભાવના કરતા રહેવું ઇત્યાદિ પ્રકારનું નિવેદન માનસિક નિવેદન કહેવાય છે.

આ જ પ્રમાણે પોતાના યાવત્પદાર્થોનું યથાયોગ્ય કાયિક, વાચિક તથા માનસિક નિવેદન સમજવું.

માટે આત્મનિવેદી સર્વે વૈષ્ણવોએ પોતાના અંતઃકરણમાં રાજ-પુરુષવત્ અનુસંધાન રાખવું. જેમ એક શેઠનો મુનીમ અથવા રાજાનો દિવાન, શેઠના અથવા રાજાના મકાન—ઘોડા—વાડી—વગેરે સર્વ પદાર્થોને પોતાના માની તેનો યોગક્ષેમ તથા યથાયોગ્ય ઉપયોગ કરે છે, પરંતુ તે એ વાત પોતાના મનમાં સારી પેઠે જાણે છે કે, 'આ બધા પદાર્થો મારા સ્વામી (શેઠના) કે રાજાના છે.' તે પ્રમાણે જ આત્મ-નિવેદી ભગવદ્ભક્તોએ પોતાના સંપૂર્ણ પદાર્થો અખિલ બ્રહ્માંડના સ્વામી શ્રી ભગવાનના છે, તથા તેમના જ દીધેલા છે એમ જાણી મમતાનો પરિત્યાગ કરી તે પદાર્થોનો યથાયોગ્ય યોગક્ષેમ તથા ઉપભોગ કરતાં પણ અહર્નિશ પ્રેમપૂર્વક શ્રીહરિની સેવામાં જ તત્પર રહેવું.

આ પ્રમાણે નિવેદનનો હંમેશ અભ્યાસ કરવાથી, અને પુષ્ટિસાંપ્રદાયિક ગુરુના શ્રીમુખથી વેદ–વેદાંત–તથા શ્રીઆચાર્યકૃત સાંપ્રદાયિક ગ્રંથોનું અર્થાનુસંધાનપૂર્વક શ્રવણ કરવાથી, તથા નિવેદન ભક્તિના સ્મરણપૂર્વક શ્રવણ કીર્તન–સ્મરણાદિ દાસ્ય પર્યન્ત સાત પ્રકારની ભક્તિનું વારંવાર અનુષ્ઠાન કરવાથી, અને ભગવદીયોના સંગપૂર્વક તેઓ ઉપર દૃઢ વિશ્વાસ રાખવાથી ધીરે ધીરે પૂર્ણરીત્યા નિવેદનની સિદ્ધિ એટલે કે ચિત્તની વૃત્તિઓની અહંતામમતાત્મક સાંસારિક પદાર્થોમાંથી નિવૃત્તિ થઇ ભગવદ્દાસક્તિ સિદ્ધ થાય છે.

આત્મનિવેદન, સમર્પણ તથા બ્રહ્મસંબંધ આ બધા એક જ અર્થને કહેનારા શબ્દો છે.

વૈષ્ણવોએ કંઠમાં તુલસીના કાષ્ઠની જ બે માલા–કંઠી–સર્વદા અવશ્ય ધારણ કરવી. તે માલાને સૂત્રના દોરામાં જ પરોવાવવી–રેશમના દોરામાં નહીં. વળી, તે માલાનાં દર્શન થતાં રહે તેમ હૃદય સુધી લાંબી રાખવી. જેમ દ્વિજોને (બ્રાહ્મણ–ક્ષત્રિય–વૈશ્યોને) યજ્ઞોપવીત (જનોઇ) સદા ધારણ કરવાનું વિધાન છે. તેમ જ આપણા સંપ્રદાયના યાવત્ વૈષ્ણવોને કંઠમાં તુલસીની માલાનું પણ યજ્ઞોપવીત[1]વત્ અહર્નિશ ધારણ કરવાનું શાસ્ત્રમાં વિધાન કરેલું છે. જેમ કે સ્કંદ પુરાણમાં કહ્યું છે કેઃ—

यज्ञोपवीतवद्धार्या कंठे तुलसिमालिका ॥
नाशौचं धारणे तस्या यतः सा ब्रह्मरूपिणी ॥ १ ॥

---

૧ સ્નાન–ભોજન–મૈથુન–મલ–મૂત્રના સમયમાં પણ કંઠમાંથી તુલસીકાષ્ઠ માલાનો ત્યાગ કરવો નહીં. એટલે ગુરુની પાસેથી શરણ મંત્રોપદેશ લીધા પછી મરણ પર્યંત કોઈ પણ સમયમાં તુલસીકાષ્ઠની માલા વગર રહેવું નહીં. જેમ યજ્ઞોપવીત તૂટવાથી જ્યાં સુધી બીજું યજ્ઞોપવીત ધારણ કર્યું ન હોય ત્યાં સુધી બોલાય નહિ, ચલાય નહિ, તેમ જ, આપણા સંપ્રદાયના વૈષ્ણવોએ તુલસીની માળા માટે સમજવું. ક્વચિત્ ઉપર કહેલા સ્નાનાદિના સમયમાં તુલસીમાલા ધારણ કરવાનો નિષેધ મળે છે. તે નિષેધ તુલસીના ફલની માલાનો જાણવો. તુલસીના કાષ્ઠની કંઠીનો નહિ. કારણ કે, પ્રત્યુત સ્નાન તથા ભોજનના સમયમાં તુલસીના કાષ્ઠની માલા ધારણ કરવાનું તો ફળ કહ્યું છે. કેમકે સ્કંદ પુરાણમાં तुलसीकाष्ठमालां यो धृत्वा भुङ्क्ते द्विजोत्तम। सिक्थे सिक्थे स लभते वाजपेयफलं मुने ॥ १ ॥ तुलसीकाष्ठमालां यो धृत्वा स्नानं समाचरेत् ॥ पुष्करे च प्रयागे च स्नातं तेन मुनीश्वर ॥१॥ અર્થ જે પુરુષ તુલસીકાષ્ઠ માલા ધારણ કરી ભોજન કરે છે, તે પુરુષને ગ્રાસે ગ્રાસે વાજપેય નામક યજ્ઞનું ફળ થાય છે. તથા હે મુનીશ્વર ! તુલસીકાષ્ઠ માલા ધારણ કરી જે પુરુષ સ્નાન કરે છે. તે પુરુષને પ્રયાગમાં તથા પુષ્કરજીમાં સ્નાન કરવા સમાન ફળ થાય છે.

અર્થ–જેમ યજ્ઞોપવીત હમ્મેશ ધારણ કરવામાં આવે છે તેમ જ તુલસીની માલા પણ કંઠમાં હમ્મેશ ધારણ કરવી. આશૌચ (સૂતક) વિગેરે અસ્પૃશ્ય સમયમાં પણ તુલસીની માલાના ધારણનો નિષેધ નથી. કારણ કે તે બ્રહ્મરૂપિણી છે.

વૈષ્ણવોએ તુલસીકાષ્ઠની માલા પ્રથમ પ્રસાદી કરાવીને જ ધારણ કરવી. જો પુષ્ટિમાર્ગીય ગુરુ બિરાજતા હોય તો તેમના શ્રીહસ્તનો સ્પર્શ કરાવી પ્રસાદી કરાવવી એવો સદાચાર છે. અથવા જ્યાં શ્રીમહાપ્રભુજીની બેઠક હોય ત્યાં પ્રસાદી કરાવી ધારણ કરવી. અથવા જે વૈષ્ણવને ત્યાં સ્વરૂપસેવા બિરાજતી હોય તેણે શ્રીની ગાદી વિગેરેને માલાનો સ્પર્શ કરાવી પ્રસાદી કરાવવી. અને જેને ત્યાં ચિત્રસેવા બિરાજતી હોય તેણે તેમનો સ્પર્શ કરાવી પ્રસાદી કરાવવી. પરંતુ પ્રસાદી કરાવ્યા વગર માલા ધારણ કરવી નહિ. ગરુડપુરાણમાં કહ્યું છે કેઃ—

निवेद्य केशवे मालां तुलसीकाष्ठसंभवाम् ॥
वहन्ति ये नरा भक्त्या तेषां वै नास्ति पातकम् ॥ १ ॥

અર્થ–જેઓ શ્રીપ્રભુને નિવેદન કરેલી તુલસીકાષ્ઠની માલા ધારણ કરે છે તેઓને કશું પાપ પ્રાપ્ત થતું નથી.

નીચે લખેલો શ્લોક ભણી કંઠમાં માલા ધારણ કરવી.

तुलसीकाष्ठसंभूते माले कृष्णजनप्रिये ॥
बिभर्मि त्वामहं कंठे कुरु मां कृष्णवल्लभम् ॥ १ ॥

જો શ્લોક ભણતાં ન આવડતો હોય તો અષ્ટાક્ષર મંત્રનું ઉચ્ચારણ કરી માલા ધારણ કરવી.

જે કોઇ વૈષ્ણવ દીક્ષા લઇ અજ્ઞાનથી કંઠમાં તુલસીની માલા ધારણ ન કરે તેને શાસ્ત્રમાં દોષ કહ્યો છે. જેમ કે સ્કન્દપુરાણમાં તથા ગરુડપુરાણમાં કહ્યું છે કે–

यत्कंठे तुलसी नास्ति ते नरा मूढमानसाः ॥
अन्नं विष्ठा जलं मूत्रं पीयूषं रुधिरं भवेत् ॥ १ ॥
अतः सर्वेषु कालेषु न त्याज्या कंठमालिका ॥
क्षणार्धं तद्विहीनो यो विष्णुद्रोही न संशयः ॥ १ ॥

અર્થ-વૈષ્ણવ દીક્ષા લઈ તુલસીમાલાને ધારણ નહીં કરનારા મૂઢ કહેવાય છે. તેઓ જે અન્ન ખાય છે, તે વિષ્ઠા સમાન, જલ પીયે છે તે મૂત્ર સમાન અને દૂધ પીયે છે તે રુધિર સમાન ગણાય છે. માટે કોઈ પણ વખતે કંઠમાંથી તુલસીની માલાનો ત્યાગ કરવો નહીં. કારણ કે અર્ધક્ષણ પણ જે માલા વગર રહે છે તે નિઃસંશય વિષ્ણુદ્રોહી તરીકે ગણાય છે.

જનનાશૌચ યા મરણાશૌચ નિકાલતી વખતે, ચિતાનું કાષ્ઠ, ચાંડાલ, રજસ્વલા, શબ(મુડદુ) અને સુવાવડી ઇત્યાદિનો સ્પર્શ થવાથી સચૈલ (સવસ્ત્ર) સ્નાન કરતી વખતે સ્નાનના મધ્યમાં કંઠમાં જે તુલસીની માલા હોય તેનો ત્યાગ કરી બીજી નવીન[1] માલા ધારણ કરવી.

પુષ્ટિમાર્ગમાં અવશ્ય કરવાનાં વ્રતો–

આપણા સંપ્રદાયના વૈષ્ણવોએ બાર મહીનાની ચોવીશ તથા પુરુષોત્તમ માસની બે મળી છવ્વીશ એકાદશી તથા કૃષ્ણજન્માષ્ટમી, રામનવમી, વામનદ્વાદશી તથા નૃસિંહચતુર્દશી એમ ચાર જયન્તી મળી ત્રીશ વ્રતો અવશ્ય આગ્રહપૂર્વક કરવાં. અનન્ય ભક્તિ કરનારા વૈષ્ણવોને એ સિવાયનાં બીજાં વ્રતો કરવાની આવશ્યકતા નથી. ચાર જયન્તી તથા એકાદશી આ પાંચ વિષ્ણુપંચક વ્રતો કહેવાય છે. વૈષ્ણવોને વાસ્તે આ વિષ્ણુપંચક વ્રત કરવાનું શાસ્ત્રકારોએ વિશેષ માહાત્મ્ય કહ્યું છે.

પદ્મપુરાણમાં કહ્યું છે કે–

कृष्णजन्माष्टमी रामनवम्येकादशीव्रतम् ॥
वामनद्वादशी तद्वन्नृहरेस्तु चतुर्दशी ॥ १ ॥
विष्णुपञ्चकमित्येवं व्रतं सर्वाघनाशनम् ॥
नित्यं नैमित्तिकं काम्यं विष्णुपञ्चकमेव हि ॥ २ ॥

અર્થ-કૃષ્ણજન્માષ્ટમી, રામનવમી, વામનદ્વાદશી, નૃસિંહચતુર્દશી અને એકાદશી આ વિષ્ણુપંચક વ્રત કહેવાય છે. તે સર્વ પાપોનો નાશ કરનાર અને નિત્ય નૈમિત્તિક તથા કામ્ય છે.

---

[1] ઉપર બતાવેલા અસ્પૃશ્ય (નહી સ્પર્શ કરવા લાયક)ના સ્પર્શ થવાથી જુની માલાનો ત્યાગ કરી તે માલાને નદી, તલાવ, કે, વાવ વિગેરે જલાશયમાં પધરાવી બીજી નવીન તુલસીકાષ્ઠની માલા ધારણ કરવી. જો બીજી તુલસીની માલા ન મળી શકે તેમ હોય તો તે માલાના મણિકા (પારા)ઓની અરીઠા વિગેરેથી ચીકાસ કાઢી નવા સૂત્રમાં પરોવી ધારણ કરવી.

ઉપર લખેલાં વ્રતોમાં બનતાં સુધી તો ઉપવાસ જ કરવો એ પક્ષ ઉત્તમ છે. જો તેમ ન બની શકે તો ફલાહાર દિવસમાં એક જ વાર કરવો. જો તેમપણુ ન બની શકે તો દિવસમાં બે વાર ફલાહાર કરવો. પણુ વ્રતને દિવસે અન્નનો સર્વથા પરિત્યાગ કરવો. તેમ જ વ્રતના દિવસે પાન તથા સોપારી સર્વથા ખાવાં નહી. અને દશમીના વેધવાળી એકાદશી કરવી નહી. ચાર જયન્તીઓનાં વ્રતો પણુ વેધ રહિત કરવાં.

॥ અન્યાશ્રય ॥

સર્વ વેદશાસ્ત્ર તથા બધા ભક્તિપ્રતિપાદક ગ્રંથોમાં વિશેષે કરીને એક જ ઇષ્ટદેવની અનન્યભક્તિ કરવાની પ્રશંસા કરેલી છે. અન્યાશ્રય કરવાથી તે અનન્યભક્તિનો ભંગ થાય છે. માટે અનન્યભક્તિ સિદ્ધ કરનારા વૈષ્ણવોએ અન્યાશ્રયનો સર્વથા ત્યાગ જ કરવો.

અન્યાશ્રય એટલે પોતાના ઇષ્ટદેવ સિવાય બીજા દેવનો આશ્રય કરવો, તેનું નામ અન્યાશ્રય.

ઉદાહરણમાં જેમકે આપણા સંપ્રદાયમાં બધા શ્રીકૃષ્ણને જ ઇષ્ટદેવ માને છે. પરંતુ બીજા પણ દેવતાઓ કામનાને આપવાવાળા છે એમ માની કોઇ પણ કામનાને માટે બીજા દેવતાઓનો આશ્રય કરવો તે અન્યાશ્રય કેહેવાય. તેથી આપણા સંપ્રદાયના વૈષ્ણવોએ કામનાને માટે પણ શ્રીકૃષ્ણ સિવાય બીજા દેવતાઓનો આશ્રય કરવો નહીં. શ્રીમદ્‌ભાગવત સ્કન્ધ–૨ અધ્યાય ૩—

अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः ।

तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम् ॥ १ ॥

અર્થ–કામના વિનાનો, સર્વ લૌકિક કામનાવાળો, અથવા મોક્ષની કામનાવાળો ઉદારબુદ્ધિ પુરુષ તીવ્ર (ઉત્કટ) ભક્તિ યોગે કરીને પરમ પુરુષનું યજન કરે અર્થાત્ ભજે.

તાત્પર્ય કે પોતપોતાના ઇષ્ટદેવને સર્વોત્કૃષ્ટ અને અદ્વિતીય માનવા તથા તે સિવાય બીજા કોઇપણ દેવમાં સર્વેશ્વરત્વ બુદ્ધિ રાખવી નહીં. એ પ્રમાણે જ આપણા સંપ્રદાયના વૈષ્ણવોએ સર્વ દેવોને પોતાના ઇષ્ટદેવ સચ્ચિદાનંદ આનંદકંદ શ્રીકૃષ્ણના અંગસ્વરૂપ સમજી અર્થાત્ અંગાંગિભાવ[1] માની યથોચિત યથાકાલ આદર કરવો. પણ કોઇ દેવની નિંદા

---

૧ અંગી શ્રીકૃષ્ણ છે. તથા બીજા બધા દેવતાઓ તેમના અંગ છે.

તો કરવી જ નહીં. કેમકે શ્રીમદ્ભાગવત સ્કંધ-૧૧ અધ્યાય ત્રીજામા કહ્યું છે કે:

श्रद्धां भागवते शास्त्रेऽनिन्दामन्यत्र चापि हि ॥

અર્થ-ભગવત્સંબંધિ શાસ્ત્રમાં શ્રદ્ધા રાખવી. તથા અન્યની નિન્દા કરવી નહીં.

બીજા દેવોમાં જે કાંઈ સામર્થ્ય અને માહાત્મ્ય છે તે પોતાના ઇષ્ટદેવતાનું જ છે, એમ સમજવું. આ પ્રકારનો અધ્યાસ પોતાના ચિત્તમાં રાખવાથી અનન્યભક્તિનો પ્રતિબંધક જે અન્યાશ્રયરૂપ દોષ તેની નિવૃત્તિ થઈ પોતાના ઇષ્ટદેવ ઉપર અખંડ પ્રેમભક્તિનો પ્રવાહ ક્રમશઃ વધતો જાય છે.

અત્ર આટલું બીજું પણ સમજવું આવશ્યક છે કે જ્યાં સુધી પોતાને સંસારાસક્તિ રહેલી છે તેમ જ લૌકિક કાર્યોમાં પોતાના ચિત્તની વૃત્તિઓ બંધાઇ રહેલી છે, અને દેહાધ્યાસને લીધે વર્ણાશ્રમાભિમાન પણ વિદ્યમાન છે ત્યાં સુધી તીર્થમાં તીર્થાંગ દેવતાઓનો યથોચિત આદરસત્કાર કરવો. તથા ઉપનયન વિવાહાદિ સર્વ નિત્ય-નૈમિત્તિક-કર્મોમાં કર્માંગ ગણપત્યાદિ દેવતાઓનું પૂજન, તથા શ્રાદ્ધ, ગયાશ્રાદ્ધાદિકમાં પિતૃ-પૂજન વિગેરે વૈદિક કર્મોનો ત્યાગ કરવો નહી. કારણ કે કોઈપણ સંપ્રદાયના ધર્માચાર્યોએ દેહાધ્યાસ રેહેતાં સુધી આવશ્યક શાસ્ત્રવિહિત લૌકિક વૈદિક કર્મોનો ત્યાગ કરવાનું કહ્યું નથી. પરંતુ અનન્યભક્તિની ઇચ્છા રાખનારા પુરુષોએ આવા પ્રકારે ઇશ્વરની આજ્ઞારૂપ વેદશાસ્ત્રોક્ત કર્માંગ દેવતાઓનું પૂજન કરતાં પણ તે તે દેવોમાં પોતપોતાના ઇષ્ટ-દેવના અંગપણાની જ ભાવના કરવી. અને ભગવદાજ્ઞાપાલનરૂપ તે તે વિધિસંપાદનદ્વારા પણ પોતાના ઇષ્ટદેવની પ્રસન્નતા જ તેનું ફલ છે એમ સમજવું.

અનન્યભક્તિ કરનારા પુરુષોએ પોતાના ઇષ્ટદેવ સિવાય બીજા દેવતાઓના મંદિરમાં ન જવું, તથા તેઓનાં વ્રતાદિકો પણ કરવાં નહી, એમ જે કોઇ કોઇ ઠેકાણે સાંપ્રદાયિક ગ્રંથોમાં લખેલું છે તે કાંઇ દ્વેષમૂલક છે એમ સમજવું નહી. કિંતુ એ નિષેધ જ્ઞાનદુર્બલ હીનાધિ-કારીઓને માટે છે. તેમના ચિત્તની ચંચલતાને લીધે તેમની ચિત્તવૃત્તિ દુર્બલ રહે છે. તેથી જ્યાં સુધી ચિત્તવૃત્તિનો યથાર્થ નિરોધ થયો નથી

ત્યાં સુધી તેમ કરવા જતાં તે હીનાધિકારીની ભક્તિ પોતાના ઇષ્ટપરથી ઓછી થવાનો, તથા અનેક ઇશ્વર હોવાના ભ્રમ થવાનો સંભવ છે. જેમકે એક નાનું જલાશય અમુક ખેતરની પુષ્ટિને માટે બનાવેલું છે, તેના બે ત્રણ ફાંટા પડી, તેમાંનું જલ છૂટું છૂટું વેહેંચાઇ જાય તો તેથી તે જલ મૂલ ખેતરને પુરેપુરૂં પુષ્ટ કરી શકતું નથી. તેમ પ્રેમ (ભક્તિ) ના પણ વિભાગો થવાથી પોતાના ઇષ્ટદેવ પૂર્ણ પ્રસન્ન થતા નથી. માટે અનન્યભક્તિના જ ઉપદેશક આચાર્યોએ હીનાધિકારીઓના ચિત્તમાં ઇશ્વરબહુત્વની સંભાવના થઇ તેમની ચિત્તવૃત્તિમાં ભ્રમ ન થઇ જાય તે માટે આ પ્રમાણે નિષેધ કર્યો છે.

આ સંપૂર્ણ કથનનું તાત્પર્ય એવું છે કે આ પ્રમાણે સંસારમાંના રાગોની નિવૃત્તિપૂર્વક પ્રભુની અનન્યભક્તિ કરવાથી પ્રેમનો પ્રવાહ પૂર્ણરીતે ભગવદભિમુખ થાય છે. તેથી વૈષયિક દારાગારાદિમાં જે દૃઢ પ્રેમ બંધાઇ રહ્યો છે તે સ્વયં નિવૃત્ત થઇ જાય છે. પરંતુ જ્યાંસુધી જીવને સર્વાત્મભાવ થઇ પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિરૂપ નિરોધ થયો નથી, ત્યાંસુધી અન્યમાં રહેલા અનુરાગ (પ્રીતિ)ના ત્યાગપૂર્વક સાંપ્રદાયિક સેવારૂપ પ્રણાલિકા (રીતિ)દ્વારા જેમ પોતાના ઇષ્ટદેવમાં જ શનૈઃ શનૈઃ (ધીમે ધીમે) પ્રેમની વૃદ્ધિ થાય તેવો અભ્યાસ નિરંતર કરતાં રેહેવું, એ જ અનન્ય ભક્તિના ઉપદેશનું તાત્પર્ય છે. આ પ્રમાણે કરતાં જ્યારે ક્રમથીઃ ભગવાનમાં શુદ્ધાનુરાગ (શુદ્ધ પ્રેમ)ની ગાઢાવસ્થા થઇ જાય છે ત્યારે તો દેહાધ્યાસ પણ રહેતો નથી. એ જ ઉત્કૃષ્ટ અનન્યભક્તિની પૂર્ણાવસ્થા છે. આવી અવસ્થામાં તો આશ્રય અથવા અન્યાશ્રય આ બેઉના ઉપદેશની આવશ્યકતા રેહેતી નથી. કારણ કે સર્વાત્મભાવ થવાથી તે જીવ સર્વત્ર પોતાના ઇષ્ટદેવને જ જુએ છે.

વૈષ્ણવોએ ભગવત્પ્રાપ્તિના પ્રતિબંધકરૂપ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આ છ શત્રુઓનો સર્વથા ત્યાગ જ કરવો. અસત્ય ભાષણ, વૃથાલાપ, (વગર કારણે બોલવું) દ્યૂત, (જુગાર) ચોરી વિગેરે નિંદ્ય કર્મોનો સર્વથા ત્યાગ કરવો. પરસ્ત્રી, કામી, ચોર, બહિર્મુખ, નાસ્તિક, દુર્જન ઇત્યાદિ દુષ્ટજનોનો સર્વથા સંગ કરવો નહીં. સૂતકીનું અન્ન, એકાદશાહ, દ્વાદશાહ, વિગેરે પ્રેતાન્ન તામસી ભોજન કરવું નહીં. લસણ, ડુંગળી, ગાજર, કલિંગડ. (લડબૂચ) લાલ મૂળા. સફેત રીંગણાં ઇત્યાદિ નિષિદ્ધ

પદાર્થો ખાવા નહીં. મનુષ્યની શારીરિક તથા માનસિક શક્તિનો હ્રાસ કરનારા મદ્યાદિ માદક પદાર્થોનો સર્વથા ત્યાગ કરવો. ટૂંકામાં કે જે જે પદાર્થોનું શાસ્ત્રમાં[1] વિધાન કરેલું છે, તેનો સ્વીકાર તથા નિષિદ્ધનો પરિત્યાગ કરવો. તે બાબત શ્રીગીતાજીમાં અધ્યાય ૧૬ શ્લોક ૨૪ માં શ્રીમુખે અર્જુનને ઉપદેશાયેલું છે કે—

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ॥
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥ १ ॥

અર્થ–હે અર્જુન કાર્યાકાર્યની વ્યવસ્થા એટલે (આ કર્મ કરવાનું છે અને આ કર્મ કરવાનું નથી) આ વ્યવસ્થામાં તારે શાસ્ત્ર જ પ્રમાણ તરીકે માનવું. શાસ્ત્રમાં જે વિહિત (કર્તવ્ય) કહ્યું છે તેજ કર્મ કરવાની તને યોગ્યતા છે.

સર્વ વૈષ્ણવોને જોઇએ કે જો પોતાને કોઈપણ કાર્ય માટે એક રાત્રિને વાસ્તે પણ પરગામ જવું પડે તો નીચે લખેલી ચીજો સાથે જ રાખવી. શ્રીઠાકુરજીની અથવા શ્રીચિત્રજીની ઝાંપી,[2] તથા જે જે સેવોપયોગી પદાર્થો હોય તે, આહ્નિકનું સાહિત્ય, અર્થાત્ પેહેરવાનાં તથા ઓઢવાનાં વસ્ત્રો (મુગટો તથા ઉપરણો.) એક આસન, સંધ્યાનાં પાત્રો, ચરણામૃતની ડાબલી, તિલક કરવાનાં પ્રસાદી કેસર, કુંકુમાદિ દ્રવ્ય અને ગોપીચંદન, મુદ્રા, તથા તુલસીની માલાસહિત ગોમુખી, નિત્યપાઠ કરવાનાં પુસ્તકાદિ, દોરી સાથે પીવાનું જલપાત્ર કરવો વિગેરે. અને શૌચપાત્ર એક જુદૂં જ રાખવું. જે ગામમાં આપણે નિવાસ કરતા હોઇએ તે ગામમાં જો સ્વસંપ્રદાયનું મંદિર હોય તો ત્યાં નિરભિમાનપણે બનતા સુધી શ્રીપ્રભુનાં દર્શન કર્યા વગર પ્રસાદ લેવો નહીં. અને પોતાની તથા પુત્રપૌત્રાદિની વરસગાંઠને દિવસે જે બની શકે તો મંદિરમાં સામગ્રી પોંહોંચાડવી. તથા ગામમાં જો પુષ્ટિમાર્ગીય ગુરુ બિરાજતા હોય તો તેઓશ્રીને યથાશક્તિ ભેટ ધરવી. તેમ જ યજ્ઞોપવીત વિવાહ વિગેરે શુભ કાર્યોના પ્રસંગોમાં પણ તે તે કાર્યના આરંભમાં જ યથાશક્તિ સામગ્રી પહોંચાડી તે તે કાર્યની આજ્ઞા લેવી. તથા પોતાના ઉત્સાહાનુકૂલ ઋતુ અનુસાર યથાશક્તિ કોઇ શ્રીપ્રભુનો મનોરથ કરવો, આવો સદાચાર છે.

---

૧ ધર્મશાસ્ત્રમાં. ૨ અને શ્રીની ઝાંપીની પ્રાણથી વધારે સંભાળ રાખવી.

ધર્મ-અર્થ-કામ-અને મોક્ષ આ ચારે પુરુષાર્થના યથાર્થ ઉપદેશ કરનારા તથા આ ભયંકરજન્મ મરણના દુઃખથી છોડાવનારા શ્રીગુરુ જ છે. માટે જ સર્વ વેદાદિશાસ્ત્રોમાં શ્રીગુરુનું પૂર્ણ માહાત્મ્ય પ્રતિપાદન કરેલું છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં કહ્યું છે કે-'જે પુરુષની ભગવાનમાં જેવી પરાભક્તિ છે, તેવીજ ભક્તિ જો તેની ગુરુમાં પણ હોય તો તાદૃશ દૃઢ ગુરુભક્તિયુક્ત મહાત્માને જ શાસ્ત્રના અર્થ પ્રકાશ છે અર્થાત્ તેનો યથાર્થ અનુભવ થાય છે. તેમ જ શ્રીમદ્‌ભાગવત-સ્કંધ-૧૧-અધ્યાય-૧૭ શ્લોક-૨૬-શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને ઉપદેશ કરે છે કે—

आचार्यं मां विजानीयान्नावमन्येत कर्हिचित ॥
न मर्त्यबुद्धयाऽसूयेत सर्वदेवमयो गुरुः ॥ १ ॥

અર્થઃ-હે ઉદ્ધવ! આચાર્ય (ગુરુ) મને જાણ અર્થાત્ હું જ છું. અથવા મારું જ સ્વરૂપ છે. માટે મનુષ્ય બુદ્ધિથી ક્યારે પણ ગુરુનું અપમાન અથવા નિંદા કરવી નહીં. કારણ કે ગુરુ સર્વદેવમય છે.

વળી એમ પણ કહ્યું છે કે " अविद्यो वा सविद्यो वा गुरुरेव जनार्दनः " તાત્પર્ય કે આ પુષ્ટિભક્તિ સંપ્રદાયના મુખ્ય આચાર્ય શ્રીવલ્લભાચાર્યજી છે અને તેઓના જ પ્રભાવથી તથા તેઓની જ આજ્ઞાથી ઉપદેશ કરનારા તેમના વંશજો આચાર્યદ્વારભૂત સમજવા, તેથી તેઓમાં પણ સાક્ષાત્ શ્રીઆચાર્યનો જ ભાવ રાખવાથી તે ઉપદેશની સિદ્ધિ થાય છે. માટે જે ગામમાં આપણે નિવાસ કરતા હોઇએ તે ગામમાં જ્યારે કોઇ પણ પુષ્ટિમાર્ગીય આચાર્યો પધારે ત્યારે ગાજતાં વાજતાં ઉત્સાહપૂર્વક સામા પધરાવવા જવું. તથા આદરપૂર્વક પધરાવી લાવવા. અને જ્યાં સુધી શ્રીગુરુ પોતાના ગામમાં બિરાજે ત્યાં સુધી બને ત્યાં સુધી તેઓશ્રીનાં દર્શન તથા ચરણસ્પર્શ કર્યા વિના જમવું નહી. અને શ્રદ્ધા ઉત્સાહ તથા પ્રેમપૂર્વક યથાશક્તિ દ્રવ્યાદિથી પણ સેવા કરવી. અને તે કરતાં પણ નિરભિમાન થઇ મનમાં સમજવું કે અમારાથી કાંઇ પણ બન્યું નથી. હાલમાં શ્રીપ્રભુને તથા ગુરુને સાષ્ટાંગદંડવત્ પ્રણામ કરવાનો પ્રચાર શિથિલ થઇ ગયો છે. પરંતુ તેમ થવું અયુક્ત છે. માટે સમજુ વૈષ્ણવોએ શ્રી પ્રભુને તથા ગુરુને સાષ્ટાંગદંડવત્ પ્રણામ કરવા. તથા ગુરુ જ્યારે ઉભા થાય ત્યારે શિષ્યે પણ અભ્યુત્થાન અર્થાત્ ઉઠી ઉભા થવું. અને વૈષ્ણવોએ પરસ્પર મળતાં ભગવન્નામસ્મરણાત્મક જયશ્રીકૃષ્ણ કરવાનો વ્યવહાર રાખવો.

સર્વ વૈષ્ણુવોએ પોતપોતાના નિવેદનમંત્રોપદેષ્ટા શ્રી ગુરુદેવનો જન્મ-દિવસ પ્રેમપૂર્વક ઉત્સાહથી માનવો. જેને ત્યાં સ્વરૂપસેવા બિરાજતી હોય તેણે પોતાને ઘેર ઉત્સાહપૂર્વક તે દિવસ નિત્યથી વિશેષ યથાશક્તિ શ્રીને શૃંગાર[1] સામગ્રી આદિનો વિનિયોગ કરાવવો. અને જે ગામમાં આપણે રહેતા હોઇએ ત્યાં જો સ્વસંપ્રદાયનું મંદિર (હવેલી) હોય તો ત્યાં સામગ્રી પહોંચાડવી અને બને તો પોતાની ઇચ્છા પ્રમાણે ઋતુ અનુસાર કોઇ શ્રીનો મનોરથ પણ કરાવવો. અને દર વર્ષે પોતાના ગુરુના જન્મ-દિવસને દિવસે યથાશક્તિ શ્રીગુરુદેવની ભેટ[2] કાઢવી. તથા પોતાની શક્તિ પ્રમાણે વૈષ્ણવોને મહાપ્રસાદ લેવરાવવો. અને તે દિવસે વૈષ્ણવોએ ભેગા થઇ સમાજસહ પ્રેમપૂર્વક ભગવદ્ગુણગાન તથા ભગવદ્ભજન કરવું. અને બને તો જો તે ગામમાં કોઇ શ્રી આચાર્યચરણ બિરાજતા હોય તો તેમને કેસરસ્નાન કરાવવું એવો પ્રાચીન સદાચાર છે.

સર્વત્ર વેદશાસ્ત્રોમાં ભગવાનના નામનું અતુલ માહાત્મ્ય કહ્યું છે. તેમાં પણ આ કરાલ કલિકાલમાં તો ભગવન્નામસ્મરણ સિવાય તપ–જ્ઞાન, વૈરાગ્ય–યોગાદિ–કોઇ પણ સાધન યથાર્થ રીતે બની શકે તેમ નથી. તે માટે આવા ભયંકર સમયમાં તો કેવલ પ્રભુના નામનો જ આધાર છે. જેમ–શ્રીમદ્ભાગવત–સ્કંધ–૧૨–અધ્યાય–૩–શ્લોક–૫૨.

---

૧ જો પોતાના શ્રી ગુરુદેવ ભૂતલ પર બિરાજતા હોય તો શ્રી ગુરુના જન્મ-દિવસને દિવસે પોતાના ઘરમાં શ્રીને ફૂમાલા આદિનો શૃંગાર કરવો. જો ભૂતલ ઉપર બિરાજતા ન હોય તો ગુરુના ઉત્સવને દિવસે કુલહનો શૃંગાર કરવો. ૨ વરસ દિવસમાં શ્રી ગુરુને ત્યાં આ પ્રમાણે ભેટ મોકલવી. જેને ત્યાં સ્વરૂપસેવા બિરાજતી હોય તેને ત્યાં જન્માષ્ટમીને દિવસે પલનાં સમય તથા દિવાલીને દિવસે હટડી વખતે પોતાના ઘરમાં શ્રી આગળ જે ભેટ ધરાય છે તે ભેટ પોતાના ગુરુદેવના મુખ્ય સેવ્ય સ્વરૂપ બિરાજતા હોય તેની છે એમ ગોસ્વામી શ્રીદ્વારકેશલાલજીયે પોતાની ભાવના નામના ગ્રન્થમાં દર્શાવેલ છે. અને ગુરુના જન્મ દિવસની તથા પવિત્રાંની આ બે ભેટ ગુરુની છે. આ ઉપર લખેલી ભેટ દર વરસે અથવા ન્યૂન રકમ હોય તો બીજે ત્રીજે વરસે શ્રીઠાકુરજીની તથા ગુરુની એમ ખુલાસાથી નોખી વિગત જણાવી ભેટિયાદ્વારા અથવા કોઇ પણ માર્ગદ્વારા પોતાના ગુરુ જ્યાં બિરાજતા હોય ત્યાં મોકલાવી આપવી.

૨ આપણા મહદ્ભાગ્યથી જો તે ગામમાં શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની બેઠક હોય તો ત્યાં કેસરસ્નાન–ભેટ–સામગ્રી વિગેરે જે આપણાથી બની શકે તે ઉત્સાહ-પૂર્વક મનોરથ કરવો.

कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ॥
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥ १ ॥

અર્થઃ–સત્યયુગમાં અષ્ટાંગયોગની રીતે ચિત્તને એકાગ્ર કરી ભગવાનનું ધ્યાન કરવાથી જે ફલ થતું હતું અને ત્રેતાયુગમાં અશ્વમેધાદિ યજ્ઞો કરવાથી જે ફલ થતું હતું, તથા દ્વાપરયુગમાં ભગવાનની પરિચર્યા એટલે ષોડશોપચાર–પંચોપચાર–પૂજા કરવાથી જે ફલ થતું હતું, તે ફલ કલિયુગમાં કેવલ હરિકીર્તન (ભગવન્નામોચ્ચારણ) કરવાથી જ થાય છે.

શ્રીઆચાર્યચરણોએ પણ એ જ આજ્ઞા નવરત્ન નામના ગ્રંથમાં કરી છે કેઃ–

तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ॥
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥ १ ॥

અર્થ–સર્વ કાલમાં સર્વ ભાવથી (श्रीकृष्णः शरणं मम) આ અષ્ટાક્ષરમંત્રનું નિરંતર ઉચ્ચારણ કરતાં જ રેહેવું. એમ અમારી મતિ છે. તેથી આપણા સંપ્રદાયના વૈષ્ણવોએ અહર્નિશ શરણભાવપૂર્વક ભગવન્નામાત્મક અષ્ટાક્ષરમંત્રનું ઉચ્ચારણ કરતા રહેવું. ન થાય તો જીવને સદ્યઃ (તુરત) આસુરાવેશ થઈ જાય છે, માટે દરેક વૈષ્ણવોએ જેટલું બની શકે તેટલું ભગવન્નામાત્મક શ્રીકૃષ્ણઃ શરણં મમ આ શરણમંત્રનું પોતાના મુખથી સર્વદા ઉચ્ચારણ કરતાં જ રહેવું.

ग्रन्थसमाप्तिश्लोकः–

श्रीमन्मन्मथमोहनप्रभुकृपाकूपारपूरोद्गमै–
राम्नायागमधर्मरक्षणसदाचारप्रचारादरम् ॥
पूर्णप्रेमपुरस्सरं च भवतु श्रीकृष्णचन्द्रे मनो
वारंवारमनन्यभक्तिनिरतं वर्णत्रयस्य ध्रुवम् ॥ १ ॥

અર્થ–શ્રીમન્મથમોહન પ્રભુની કૃપારૂપ સમુદ્રના પૂરથી વેદશાસ્ત્રપ્રતિપાદિત વર્ણાશ્રમ ધર્મની રક્ષા તથા સનાતન ધર્મમાં આદર અને શ્રીકૃષ્ણચંદ્રના ચરણારવિંદમાં વર્ણાશ્રમધર્મપૂર્વક અનન્ય ભક્તિનો જે રીતે પ્રચાર થાય તેવો ઉત્સાહ વર્ણત્રય અર્થાત્ બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યોના હૃદયમાં સદા થાઓ. ॥ ૧ ॥ श्रीकृष्णार्पणमस्तु।